સુવિચાર

''તબિયત ખરાબ હોય એની સાથે રહેવાય, નિયત ખરાબ હોય એની સાથે નહીં.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૧૧/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો વદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૨૭૫

શહેરનાં રહેણાંક વિસ્તારથી લઈને તમામ બજારોમાં રોશનીનો ઝગમગાટ

અમરેલીમાં ''દિપોત્સવી પર્વ''નો ઉત્સાહભેર પ્રારંભ

સનાતન ધર્મનાં સૌથી મહત્વનાં તહેવારને લઈને શહેરીજનોમાં જબ્બરો ઉત્સાહ

કપડા, મિઠાઈ, ફટાકડા, રંગોળી અને ઘર સજાવટની ચીજવસ્તુઓની ખરીદી વધી

કાળઝાળ મોંઘવારી અને મંદી વચ્ચે પણ સૌ કોઈ 'દિપોત્સવી પર્વ' ઉજવવા ઉત્સુક

શહેરમાં સવારથી લઈને રાત્રિ સુધી જુદા-જુદા માર્ગો ઉપર ભારે ટ્રાફિક જોવા મળી રહ્યો છે



અમરેલી, તા. ૫

આજે એકાદશીથી દિપાવલીના પર્વની આહટ સાથે જ અમરેલી શહેરની બજારોમાં જાણે રોનકના દીવા ઝળહળી ઉઠયા હોય તેવો શહેરમાં માહોલ સર્જાયો છે. દિવાળીની ખરીદી માટે શહેરની બજારોમાં લોકોની અવર જવર વધવા લાગી છે, તો બીજી તરફ વેપારીઓએ પણ ગ્રાહકોને આકર્ષવા દુકાનોને રંગબેરંગી રોશની, આકર્ષક શણગાર અને મંડપોથી સજાવી દીધી છે. ફટાકડાથી માંડીને રંગોળીના રંગો, મીઠાઈ, નવાં કપડાં, પૂજાપાઠની સામગ્રી અને ઘર સજાવટની ચીજ વસ્તુઓના સ્ટોલ ઠેરઠેર ઊભા થતાં સમગ્ર બજાર દિવાળીના રંગે રંગાયું છે. દિવાળી એટલે માત્ર દીવા પ્રગટાવવાનો તહેવાર નહીં, પરંતુ નવી ખરીદી, ઉત્સાહ, ઉમંગ અને આર્થિક પ્રવૃત્તિઓનો મહાપર્વ. આ જ માહોલ અત્યારે અમરેલી શહેરના ટાવર રોડ, હરિ રોડ, જૂના માર્કેટયાર્ડ, સ્ટેશન રોડ,

અનુસંધાન પાના ૬ ઉપર

લગ્ન કરેલ ન હોય એકલવાયુ જીવન પસાર થતું ન હતું

સાવરકુંડલામાં એકલતાથી કંટાળેલ આધેડે ઘેનનાં ટીકડા પી જતાં મોત

નાયરા પેટ્રોલ પંપ નજીક ટીકડા પી લીધા

અમરેલી, તા. ૫

સાવરકુંડલા ગામે પારેખ વાડીમાં રહેતા શૈલેષભાઈજયંતીભાઈ ડોડીયા નામના ૪૫ વર્ષીય આધેડ પોતે એકલવાયુ જીવન જીવતા હોય અને તેમના લગ્ન થયેલ પણ ના હોય. જે વાતનું આધેડને લાગી આવતા પોતે પોતાની મેળે ગત તા. ૩નાં આશરે રાત્રે ૯ વાગ્યા પહેલા કોઈપણ સમયે સાવરકુંડલાના અમરેલી રોડ ઉપર આવેલ નાયરા પેટ્રોલ પંપ પાસે જઈ ઘેનના ટીકડા પી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

સુરેશભાઈ અને તેના ભાઈની જમીન પચાવી પાડવા બદલ

વડિયાનાં બાંભણીયા ગામનાં વસંતભાઈ પદમાણી સામે લેન્ડ ગ્રેબિંગ એકટની ફરિયાદ

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૫

અમદાવાદના નિકોલ, એસ.પી. રીંગ રોડ ભોજલ ધામની સામે આવેલ આદર્શ ફલોરા ફલેટ નં-૩૦૪માં રહેતા સુરેશકુમાર પ્રાગજીભાઈ પાનસુરીયા નામના ૫૬ વર્ષીય આધેડની તથા તેમના ભાઈ ચંદુલાલ પ્રાગજીભાઈ પાનસુરીયાની વડિયા તાલુકાના બાંભણીયા ગામના ઉગમણી સીમમાં બુટવાળુ તરીકે ઓળખાતા રેવન્યુ સર્વે નં. ૧૫૧ પૈકી ૧, પૈકી ૧ની હે. ૩,૭૫,૮૬, ચો.મી. તથા રેવન્યુ સર્વે નં. ૧૫૧ પૈકી ૧ પૈકી ૨, હે. ૩,૭૫,૮૫ ચો.મી.ની ખેતીની જમીન આવેલ હોય. જેમાં શેઢા પાડોશી સર્વે નંબરમાં પુર્વે ટીશા તરફના સર્વે નં. ૧૫૦ના માલીક વસંતભાઈ કાળાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
રૂપે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી રૂપે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી
૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

આજે ધનતેરસમાં આભુષણોની શુકનવંતી પરીદી કરવા પધારો...
SINCE 1911
શુભ ધનતેરસે ખરીદો સોનુ-ચાંદી
ચોકસી કાંતિલાલ કરશનદાસ & સન્સ
ટાવર રોડ, અમરેલી
કમલેશભાઈ-૯૮૯૮૬૩૧૮૨૩ સંજયભાઈ-૯૪૨૮૭૯૭૭૫૯

Hero
ધનતેરસનો હાર્દિક શુભકામના
આવો ધનતેરસે નવું સુખ, સમૃદ્ધિ અને સફળતાનું સ્વાગત કરીએ...
ધનતેરસના પવિત્ર અવસર પર હીરો પર ખાસ ઓફર
110 CC SCOOTERS
DESTINI 110 | PLEASURE
કેશ ડિસ્કાઉન્ટ ₹2,100*
DESTINI 125
કેશ ડિસ્કાઉન્ટ ₹2,500*
એક્સચેન્જ બોનસ ₹5,000*
મર્યાદિત સમય માટે
*નિયમો અને શરતો લાગુ. *કેશ્ટીની 125 માટે ગ્રાહક કેશ બોનસ અથવા એક્સચેન્જ બોનસમાંથી કોઈ એક જ મેળવી શકે છે.
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી
Mo. +91 92899 22254

નિલકંઠ જ્વેલર્સ®
આજે ધનતેરસની શુકનવંતી ખરીદી કરવા પધારો
ઇનામોની વણઝાર
₹. ૧૦,૦૦૦ કે તેથી વધુ ખરીદી પર ઈનામો
૫૦૧ ઈનામો
તા. ૦૧-જુન, ૨૦૨૬ થી તા. ૧૫-ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી
63 56 56 0000
અમરેલી
માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧
Mo.9601898981 Mo.9825091721
રાજકોટ
પેલેસ રોડ, ભગવતી ફાસ્ટ ફુડની સામે, રાજકોટ- ૩૬૫ ૬૦૧ Mo.9537525000

પાલિકા સંચાલિત એક ડઝન કરતાં વધુ પ્રાથમિક શાળાઓનું સંચાલન કરતી

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેનપદે બ્રિજેશ કુરૂંદલે અને વાઈસ ચેરમેનપદે કેવલ મહેતા

નવનિયુકત બંને હોદ્દેદારોને સમિતિનાં સદસ્યો અને આગેવાનોએ અભિનંદન પાઠવ્યા



અમરેલી, તા. ૫

અમરેલી શહેરમાં આવેલ એક ડઝન કરતાં વધુ પ્રાથમિક શાળાઓનું સંચાલન કરતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેનપદે ભાજપનાં અગ્રણી, પૂર્વ નગરસેવક બ્રિજેશ કુરૂંદલે અને વાઈસ ચેરમેનપદે કેવલ મહેતાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરી ખાતે આજે યોજાયેલ સમિતિ સદસ્યોની બેઠકમાં સર્વાનુમતે બ્રિજેશ કુરૂંદલે અને વાઈસ ચેરમેનપદે કેવલ મહેતાની વરણી કરવામાં આવી હતી. ઉપરોક બંને સદસ્યોને જવાબદારી સોંપવામાં આવી હતી.

બંને નવનિયુકત હોદેદારોએ રાજયમંત્રી કૌશિક વેકરિયા, માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની શુભેચ્છા મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા.

૧૦૮ એમ્બ્યુલન્સની સરાહનીય કામગીરી

નાગેશ્રી : અત્યંત જોખમી પ્રસૂતાને એમ્બ્યુલન્સમાં જ નવજીવન બક્ષતા EMT અને પાયલોટ

નવજાત શિશુને કૃત્રિમ શ્વાસ આપીને જીવ બચાવ્યો



અમરેલી, તા. ૫

ઈ.એમ.આર.આઈ.ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા સંચાલિત અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની નાગેશ્રી ૧૦૮ એમ્બ્યુલન્સને આજે સાંજે એક જીવાપર ગામનો કેસ મળ્યો હતો. કેસ મળતાની સાથે જ નાગેશ્રી ૧૦૮ ની ટીમ તુરંત સ્થળ પર જવા રવાના થઈ જીવાપર ગામે પહોંચી તપાસ કરતા જાણવા મળ્યું કે, જીવાપર ગામની વાડી વિસ્તારમાં દર્દી છે.

તો ૧૦૮ની ટીમ દર્દી સુધી પહોંચવા માટે દર્દી જે વાડી વિસ્તારમાં હતા ત્યાં પહોંચી તપાસ કરેલ તો એક સગર્ભા માતાને પ્રસુતિની અસહ્ય પીડા હતી. એટલે સ્થળ પર સામાન્ય તપાસ કરી જયારે તે સગર્ભા માતાને એમ્બ્યુલન્સની અંદર લઈ જતા હતા. ત્યારે જ અચાનક પ્રસૂતિની પીડા વધી જતા તુરંત એમ્બ્યુલન્સની અંદર લઈ અને સ્થળ પર જ એમ્બ્યુલન્સની અંદર પ્રસુતિ કરાવવાની ફરજ પડી હતી.

પ્રસૂતા માતા પરપ્રાંતીય એટલે કે મહારાષ્ટ્ર રાજયના હોવાથી તેમની પાસે જરૂરી મેડિકલ રિપોર્ટ જેમ કે સોનોગ્રાફી રિપોર્ટ જેવા જરૂરી રીપોર્ટ ન હોવાને લીધે ૧૦૮ના ઈમરજન્સી મેડીકલ ટેકિનશિયનને માતા અને બાળ કની કોઈ હિસ્ટ્રી પણ ન મળી હોવાથીપ્રસુતિ કરાવવી ખૂબ જ જોખમી હતી. પરંતુ ૧૦૮ ના કર્મચારીઓના અનુભવ અને સૂઝબૂઝથી ૧૦૮ હેડ ઓફિસ ખાતે ઉપસ્થિત ઉપરી ડોકટરની સલાહ મુજબ પ્રસૂતા માતાની સફળતા પૂર્વક એમ્બ્યુલન્સની અંદરજ પ્રસુતિ કરાવવામાં આવી હતી. અને બાળકનો જન્મ એમ્બ્યુલન્સની અંદર થયો હતો.

પરંતુ જયારે બાળક સામાન્ય રીતે જન્મ સાથે રડતું હોય છે, પરંતુ આ બાળક જન્મ બાદ રડતું પણ ન હતું તેમજ બાળક માં ઓકિસજનનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું જેથી ઈ.એમ.ટી. ભરત બાંભણિયા દ્વારા સતર્કતા રાખી યોગ્ય સમય સૂચકતા વાપરી અને પોતાની સૂજબુજથી નવજાત બાળક અને માતાને સમયસર યોગ્ય સારવાર આપી જીવ બચાવવામાં આવ્યો હતો. તેમજ પાયલોટ બાલુભાઈ ગોહિલ દ્વારા સમયસૂચતા વાપરી સલામતી પૂર્વક સ્થળ પરથી એટલે કે જીવાપર વાડી વિસ્તારથી રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

રાજુલા સરકારી હોસ્પિટલ દ્વારા માતા અને નવજાત શિશુને ત્યાં લઈ ગયા હતા. ત્યારે રાજુલા સરકારી હોસ્પિટલના ડોકટર દ્વારા પણ ૧૦૮ની ટીમની આવી સરાહનીય કામગીરી બદલ બિરદાવવામાં આવ્યા હતા. અને દર્દીના સગા દ્વારા પણ ૧૦૮ ટીમ અને એમની સેવાનો આભાર માન્યો હતો.

સવારનાં સમયે રઘુવીર હોટલ નજીકનો બનાવ

બાબરા–ચરખા માર્ગ ઉપર એસ.ટી. બસ અને ઈકો કાર વચ્ચે અકસ્માત : એક વ્યકિતનું ઘટના સ્થળે મોત

ઈકો કારનો કચ્ચરઘાણ વળી ગયો, અન્ય એક યુવકને ગંભીર ઈજા







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા





બાબરા, તા. ૫

બાબરા તાલુકાના ચરખા ગામ નજીક રઘુવીર હોટલ સામે આજે સવારે એસ.ટી. બસ અને ઈકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સામસામે થયેલી જોરદાર ટક્કરમાં ઈકો કારમાં સવાર એક વ્યકિતનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હતું, જયારે કારચાલકને પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, બાબરા તાલુકાના પાનસડા ગામના અશોકભાઈ ભીમજીભાઈ કાચા (ઉ.વ. ૩૩) તથા મૌલિકભાઈ પ્રાગજીભાઈ ઠુંમર (ઉ.વ. ૨૫) મૌલિકભાઈની માલિકીની ઈકો કાર લઈને કોઈ કામ અર્થે બાબરા આવી રહ્યા હતા. દરમિયાન ચરખા ગામ નજીક રઘુવીર હોટલ પાસે પહોંચતા સામેથી આવી રહેલી ગારિયાધાર–રાજકોટ રૂટની એસ.ટી. બસ સાથે ઈકો કારની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારમાં આગળની સીટ પર બેઠેલા અશોકભાઈ કાચા અંદર ફસાઈ ગયા હતા. ગંભીર ઈજાઓના કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.

જયારે કારચાલક મૌલિકભાઈ ઠુંમરની એરબેગ ખુલી જતાં તેમનો બચાવ થયો હતો, જોકે તેમને પગ તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામણી તથા જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ રણમણભાઈ કોઠીવાળ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ ૧૧૨ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જાણ થતાં પોલીસ સ્ટાફ અને ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત મૌલિકભાઈને પ્રથમ બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા.

બીજી તરફ અકસ્માતમાં ઈકો કારનો બુકડો બોલી જતાં કારમાં ફસાયેલા અશોકભાઈને બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઉપસ્થિત અગ્રણીઓ સહિત સ્થાનિક લોકોએ આશરે એક કલાક સુધી પ્રયાસો કર્યા બાદ મૃતકને કારમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. આ બનાવને પગલે ઘટના સ્થળે લોકોનાં ટોળાં એકત્રિત થઈ ગયાં હતાં.

બનાવ અંગે પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ ગમખ્વાર અકસ્માતને પગલે પાનસડા સહિત આસપાસના વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

નાણાની ભુખ કોઈની પુરી થતી જ નથી

દામનગરમાં માર્ગ બને તો ભ્રષ્ટાચાર અને બગડે તો મરામતમાં પણ દે ધનાધન

મુડીવાદનો માહોલ જ અનેક સમસ્યાનું મુળ



દામનગર, તા. ૫

દામનગર શહેરની અંદર ડામરનાં રોડમાં પડેલા અસંખ્ય ખાડાઓ બુરવા માટે પ્રચાર માધ્યમોમાં અહેવાલ પ્રસિધ્ધ થતાં રહેતા હતા, બહેરા કાને અથડાતા અવાજની અસર ખાસ્સા સમય પછી સંભળાય અને આજે જે ખાડાઓ ડામર પાથરી ઉપર જીણો ગ્રીડી પાવડર છાંટને બુરવામાં આવ્યા તેમા વેઠ ઉતારવામાં આવતા એક નાગરિકે ધ્યાન દોર્યું છતાં અસરકારક જવાબ ન મળ્યો એટલે હવે રાહત થવાને બદલે લોકો પરેશાન થશે જ.. શબ્દોનાં મજબૂત વિકાસ ખોખલા સાબિત થઈ રહ્યા છે.

શહેરમાં ''દિપોત્સવી પર્વ''નું સૌથી મોટુ આકર્ષણ ફટાકડા

બાબરા ખાતે દિપોત્સવી પર્વને લઈને ૩ સ્થળોએ કાયદેસરનાં ફટાકડાનાં મોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા

લાયસન્સ વગર ફટાકડાનું વેચાણ કરનાર સામે કાર્યવાહી કરવાની તંત્રની ચીમકી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૫

બાબરા શહેરમાં દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરમાં ફટાકડાની બજારો ધમધમવા લાગી છે. આ વર્ષે બાબરા શહેરમાં ત્રણ મહત્વનાં સ્થળોએ કાયદેસર રીતે ફટાકડાના મોલ અને બજારો ઊભાં કરવામાં આવતાં શહેર સહિત તાલુકાના લોકોને ફટાકડાની ખરીદી માટે વધુ વિકલ્પો, અવનવી વેરાયટી અને આકર્ષક રેન્જ ઉપલબ્ધ બની છે. ફટાકડાની ખરીદી માટે ગ્રાહકોનો ધસારો શરૂ થતાં વેપારીઓમાં પણ ઉત્સાહ અને ખુશીની લાગણી જોવા મળી રહી છે.

બાબરા શહેરમાં કે.પી. આશરા ગર્લ્સ સ્કૂલ પાસે આશરે ૩૦ સ્ટોલ સાથે વિશાળ ફટાકડા બજાર ઊભી કરવામાં આવી છે. જયારે ખત્રી સમાજની વાડી ખાતે છેલ્લા ચાર વર્ષથી મયંકભાઈ તેરૈયા દ્વારા 'શ્રીરામ ફટાકડા મોલ'નું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત નાગરિક બેંક પાછળ આવેલા શોપિંગ સેન્ટરમાં સત્યજિત વાળા દ્વારા પણ ફટાકડાનો મોલ શરૂ કરવામાં આવ્યો છે. આમ, શહેરના અલગ–અલગ વિસ્તારોમાં ફટાકડાની ખરીદી માટે સુવિધાઓ ઊભી થતાં ગ્રાહકોને એક જ સ્થળે વિવિધ પ્રકારના ફટાકડા પસંદ કરવાની તક મળી રહી છે.

ફટાકડા બજારોમાં ફુલઝડી, ઝાડવા, વિવિધ પ્રકારના બોમ્બ, આતશબાજી સહિતના અવનવા અને આકર્ષક ફટાકડાની વિશાળ રેન્જ જોવા મળી રહી છે. દિવાળીના પર્વને આડે હવે બે–ત્રણ દિવસ બાકી હોવાથી લોકો પરિવાર સાથે ખરીદી કરવા ઉમટી રહ્યા છે. આગામી દિવસોમાં ગ્રાહકોની સંખ્યામાં હજુ વધારો થશે તેવી આશા વેપારીઓ દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે.

એક તરફ શહેરમાં કાયદેસર ફટાકડા બજારો ધમધમી રહી છે, ત્યારે બીજી તરફ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં લાયસન્સ વિના લારીઓ અને દુકાનોમાં ફટાકડાનું વેચાણ થતું હોવાની ફરિયાદો પણ ઊઠી રહી છે. ખાસ કરીને બજાર વિસ્તારમાં કેટલીક લારીઓમાં જરૂરી સુરક્ષાનાં સાધનો વિના ફટાકડાનું વેચાણ થતું હોવાની ચર્ચા વચ્ચે તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી છે.

બાબરા મામલતદાર દ્વારા લાયસન્સ વિના તેમજ જરૂરી સુરક્ષાનાં સાધનો વગર ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સંબંધિત તંત્રને સૂચના આપવામાં આવી હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત પોલીસ તંત્રને પણ આ બાબતે જાણ કરી શહેરમાં ચેકિંગ હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

દિવાળીના પર્વમાં ફટાકડાની ખરીદી અને આતશબાજીનો ઉત્સાહ સ્વાભાવિક છે, પરંતુ જવલનશીલ ફટાકડાના વેચાણમાં સુરક્ષાના નિયમોનું પાલન પણ એટલું જ અનિવાર્ય છે. ત્યારે બાબરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં લાયસન્સ વિના ફટાકડા વેચતા તેમજ સુરક્ષાનાં જરૂરી સાધનો વગર વેપાર કરતા તત્વો સામે તંત્ર દ્વારા માત્ર સૂચનાઓ પૂરતી નહીં, પરંતુ સ્થળ પર ચેકિંગ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે. તહેવારની ખુશી કોઈ દુર્ઘટનામાં ન ફેરવાય તે માટે તંત્રની સતર્કતા અને નિયમોનું પાલન અત્યંત જરૂરી બન્યું છે.

સ્થાનિક પોલીસની સરાહનીય કામગીરી

બાબરા પોલીસે વિધાનગર ખાતેથી ગુમ થયેલા ૨૦ વર્ષિય યુવકને શોધી પરિવાર સાથે કરાવ્યું મિલન

પોલીસની સર્વેલન્સ ટીમે ગણતરીનાં સમયમાં યુવકને શોધી કાઢયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૫

બાબરા પોલીસ દ્વારા ગુમ થયેલા વ્યક્તિઓને શોધી કાઢવાની કામગીરી અંતર્ગત વધુ એક સરાહનીય સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. બાબરા તાલુકાનાં ગળકોટડી ગામનો ૨૦ વર્ષિય યુવક ગુમ થતાં બાબરા પોલીસ સ્ટેશનમાં ગુમ થવા અંગેની નોંધ કરવામાં આવી હતી.

આ અંગે ભાવનગર રેન્જનાં આઈ.જી.પી. આર.વી. અસારી તથા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાંથી ગુમ થયેલા તથા અપહરણ થયેલા વ્યક્તિઓને તાત્કાલિક શોધી કાઢવા જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જયારે લાઠી વિભાગનાં નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા દ્વારા પણ આ બાબતે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

જેના અનુસંધાને બાબરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. એસરાની રાહબરી હેઠળ બાબરા પોલીસ સ્ટેશન ગુમ રજીસ્ટર નંબર ૨૨/૨૦૨૬નાં કામે ગુમ થનાર હર્ષભાઈ મનસુખભાઈ નવાપરીયા, ઉંમર વર્ષ ૨૦, રહે. ગળકોટડી, તા. બાબરા, જિ. અમરેલીને શોધવા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ ટીમે ટેકનિકલ તથા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ માહિતી મેળવી આણંદ–વિદ્યાનગર ખાતેથી યુવકને હેમખેમ શોધી કાઢયો હતો. ત્યારબાદ યુવકને તેના પરિવારજનો સાથે સુખદ મિલન કરાવી બાબરા પોલીસે માનવતા ભર્યું અને પ્રશંસનીય કાર્ય કર્યું હતું.

આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. એસરા, એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી, એ.એસ.આઈ. રાજભા વાઘેલા, હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ કોતર, પોલીસ કોન્સ્ટેબલ ગોકળભાઈ રાતડિયા, વિજયસિંહ ચારડિયા તથા ભારતભાઈ મકવાણાએ મહત્વપૂર્ણ કામગીરી કરી હતી.

એક સમયે જેને સત્તાપક્ષ પપ્પુ કહેતો હતો તેઓએ શકિત બતાવી

એક અકેલા સબ પે ભારી : રાહુલ ગાંધીએ સત્તાપક્ષનાં નેતાઓને રોડે ચડાવ્યા

એસઆઈઆર, અર્થ અને વિદેશી નીતિ સહિતનાં પ્રશ્ને સત્તાપક્ષને ચારે દિશામાંથી ઘેરી લીધો

રાહુલ ગાંધીનાં નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષની બેઠકો ૪૨ થી વધીને ૯૯ સુધી પહોંચી ગઈ

દેશમાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સામે વિપક્ષનાં એકમાત્ર નેતા તરીકે ઉભરી આવ્યા

સત્તાપક્ષનાં આગેવાનો વર્ષોથી કહે છે કે ગાંધી પરિવારે દેશને લૂંટયો છે પણ ગાંધી પરિવારનાં તમામ સદસ્યો જેલની બહાર



ફાઈલ તસ્વીર



અમરેલી, તા. ૫

દેશની લોકસભાનાં વિપક્ષી નેતા અને કોંગ્રેસનાં દિગ્ગજ અગ્રણી રાહુલ ગાંધીએ દેશનાં પ્રધાનમંત્રી, ગૃહમંત્રી તેમજ ભાજપ શાસિત રાજયોનાં મુખ્ય મંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ તેમજ ભાજપ સંગઠનનાં મહત્વનાં નેતાઓને રોડ પર આવવા મજબુર કરી દઈને પોતાની રાજકીય ક્ષમતા સાબિત કરી દીધી છે.

એક સમયે જેને દેશનાં મીડિયાથી આમ આદમી સુધી સૌ કોઈ "પપ્પુ"નું નામ આપેલ તે રાહુલ ગાંધી આજે દેશનાં સૌથી મોટા રાજકીય પક્ષ અને તેની સરકારને ચારે દિશાઓમાંથી ઘેરી રહ્યા છે.

દેશમાં આડેધડ ચાલતી એસઆરઆઈ પ્રક્રિયા, કથળતી અર્થ અને વિદેશ નીતિ, મોંઘવારી, ભ્રષ્ટાચાર, કાયદો–વ્યવસ્થા, શિક્ષણ, આરોગ્ય જેવા મહત્વનાં ક્ષેત્રે ચાલતી અંધાધુંધી, વોટ ચોરી, પરીક્ષા ચોરી, બેરોજગારી સહિતનાં અનેક પ્રશ્નોનો જવાબ સરકાર આપી શકતી નથી અને વિપક્ષી નેતાનાં પ્રશ્નનો જવાબ આપવાને બદલે સરકારનાં પ્રતિનિધિઓ સામે પ્રશ્ન કરી રહ્યા છે.

પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીનાં ચક્રવ્યુહમાં ફસાઈને દેશનાં વિપક્ષનાં દિગ્ગજ નેતાઓ મહેબુબા મુફતી, ઉમર અબ્દુલા, જગનરેડી, પ્રકાશસિંઘ બાદલ, કે.સી.આર., નવિન પટ્ટનાયક, મમતા બેનરજી, તેજસ્વી યાદવ, અરવિંદ કેજરીવાલ, ચૌટાલા પરિવાર, માયાવતી, એમ.કે. સ્ટાલીન, ઉધ્ધવ ઠાકરે, શરદ પવાર સહિત સૌ કોઈનું રાજકીય ભાવિ અધ્ધરતાલ બન્યું છે. તેવા સમયે દેશનાં સૌથી શકિતશાળી નેતા નરેન્દ્ર મોદી અને અમિત શાહ સામે વિપક્ષી નેતા તરીકે એકમાત્ર રાહુલ ગાંધી જબ્બરી ટકકર આપવાની સાથે સત્તાપક્ષનાં દિગ્ગજનેતાઓને મુશ્કેલીમાં પણ મુકી રહ્યા છે.

આગામી ૨૫ નવેમ્બરના રોજ
લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૫

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ–જેન્ટસ બાઉન્સર • ફિલમસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત
''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી
તંત્રી

આદુ–મરચાથી ભરપુર **સ્પે. વાટીદાળના ખમણ**
તેમજ **સ્પે. નાયલોન ખમણ** મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com



શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૬૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.









૧૪ રાજ્યોમાં વરસાદનું એલર્ટ, દિલ્હી-યુપીમાં ઠંડીનો ચમકારો

દેશભરમાં હવામાનનો મિજાજ બદલાયો, વરસાદની આગાહી

IMDએ અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદની ચેતવણી આપી, ૮૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

નવી દિલ્હી, તા.૫

દેશભરમાં હવામાનનો મિજાજ ફરી એકવાર પલટાઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા આગામી સમય માટે મોટું અપડેટ સામે આવ્યું છે, જેમાં દેશના 14 જેટલા રાજ્યોમાં આગામી કલાકો અને દિવસો દરમિયાન ગાજવીજ સાથે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. ચક્રવાતી તોફાન 'મુરાસુ'ની અસર હવે ધીમે ધીમે નબળી પડી રહી છે, તેમ છતાં વાતાવરણમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં 60 થી 80 કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે.IMD ની આગાહી મુજબ, દક્ષિણ અને પૂર્વ ભારતના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે. તમિલનાડુ, અંદામાન અને નિકોબાર ટાપુઓ, ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, કેરળ, કર્ણાટક, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં હળવાથી મધ્યમ તેમજ કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે.5 થી 10 નવેમ્બર દરમિયાન તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ખાસ કરીને 7 અને 8 નવેમ્બરે આ વિસ્તારોમાં વ્યાપક વરસાદ થવાની પ્રબળ સંભાવના છે. તટીય કર્ણાટક, કેરળ, માહે, લક્ષદ્વીપ, રાયલસીમા અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં પણ 10 નવેમ્બર સુધી વરસાદી માહોલ યથાવત રહેશે. કેરળ અને માહેમાં 6 થી 8 નવેમ્બર દરમિયાન ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.5 થી 8 નવેમ્બર દરમિયાન દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યાનમ અને રાયલસીમામાં જમીન સપાટી પર ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. શરૂઆતમાં 40 થી 50 કિમી પ્રતિ કલાક (જે ક્યારેક 60 કિમી સુધી પહોંચી શકે) ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.IMD મુજબ 5, 6 અને 7 નવેમ્બરે ઓડિશાના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે ઝારખંડમાં 5 થી 8 નવેમ્બર દરમિયાન કોઈ વિશેષ એલર્ટ નથી, પરંતુ 9-10 નવેમ્બરે વરસાદની શક્યતા દર્શાવાઈ છે. આંદામાન અને નિકોબારમાં 8 થી 10 નવેમ્બર દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.રાષ્ટ્રીય રાજધાની દિલ્હી-એનસીઆરમાં ૫ નવેમ્બરના રોજ આકાશ મોટે ભાગે સ્વચ્છ રહેવાની અપેક્ષા છે. સવારના સમયે હળવું ધુમ્મસ અથવા ઝાંખપ (haze) જોવા મળી શકે છે. આગામી 6 અને 7 નવેમ્બરે પણ દિલ્હીમાં હવામાન મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાઈ શકે છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન 27 થી 29 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 15 થી 17 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાનું અનુમાન છે.

DDCAની વિનંતી બાદ BCCIનો નિર્ણય

ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ વનડે મેચનું સ્થળ બદલાયું

હવે દિલ્હીના બદલે વિશાખાપટ્ટનમમાં રમાશે મુકાબલો

નવી દિલ્હી, તા.૫

ભારત અને શ્રીલંકા વચ્ચે ડિસેમ્બર ૨૦૨૬માં રમાનારી વ્હાઈટ બોલ ક્રિકેટ સિરીઝ પહેલાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. બંને ટીમો વચ્ચે ૧૩ ડિસેમ્બરના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાનારી પ્રથમ વનડે હવે વિશાખાપટ્ટનમમાં રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા ૫ નવેમ્બરના રોજ આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

BCCIના જણાવ્યા અનુસાર, દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (DDCA)ની વિનંતીને ધ્યાનમાં રાખીને મેચનું સ્થળ બદલવામાં આવ્યું છે. દિલ્હીમાં હવામાનને કારણે સંભવિત મુશ્કેલીઓ અને અરુણ જેટલી સ્ટેડિયમમાં ચાલી રહેલા નવીનીકરણનાં કામને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ વનડે વિશાખાપટ્ટનમના ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. જોકે, મેચની તારીખ અને સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ભારત-શ્રીલંકા સિરીઝનું સંપૂર્ણ શિડ્યૂલ

- ૧૩ ડિસેમ્બર ૨૦૨૬: પ્રથમ વનડે – વિશાખાપટ્ટનમ (બપોરે ૨ વાગ્યે)
- ૧૬ ડિસેમ્બર ૨૦૨૬: બીજી વનડે – બેંગલુરુ (બપોરે ૨ વાગ્યે)
- ૧૯ ડિસેમ્બર ૨૦૨૬:ત્રીજી વનડે – અમદાવાદ (બપોરે ૨ વાગ્યે)
- ૨૨ ડિસેમ્બર ૨૦૨૬: પ્રથમ T20 – રાજકોટ (સાંજે ૭ વાગ્યે)
- ૨૪ ડિસેમ્બર ૨૦૨૬: બીજી T20 – કટક (સાંજે ૭ વાગ્યે)
- ૨૭ ડિસેમ્બર ૨૦૨૬: ત્રીજી T20 – પુણે (સાંજે ૭ વાગ્યે)

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાનારી આ સિરીઝમાં ત્રણ વનડે અને ત્રણ T20 મેચનો સમાવેશ થાય છે. જોકે, બંને ફોર્મેટ માટે હજુ સુધી BCCI દ્વારા ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી નથી. ક્રિકેટ ચાહકો હવે ટીમની પસંદગી અને બંને દેશો વચ્ચેની રોમાંચક ટક્કરની રાહ જોઈ રહ્યા છે.

ઈચ્છાઓ દબાવી બજેટ મુજબ કરી રહ્યા છે ખરીદી

દિવાળીની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ, પણ મોંઘવારીએ લોકોની ખરીદ શક્તિ ઘટાડી

ખરીદી કરવા નીકળેલા ઘણા લોકો બજારમાં વસ્તુઓ પસંદ કરે છે, પરંતુ ભાવ સાંભળ્યા બાદ ખરીદી ટાળી રહ્યા છે

અમદાવાદ, તા.૫

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદના બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને પૂર્વ અમદાવાદના બાપુનગર માર્કેટમાં ખરીદદારોનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી હજારો લોકો દિવાળીની ખરીદી માટે અહીં પહોંચી રહ્યા છે. જોકે, બજારમાં દેખાતી ભીડ વચ્ચે મોંઘવારીની અસર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. લોકોની અવરજવર વધી છે, પરંતુ ખરીદશક્તિ ઘટતાં મોટાભાગના લોકો મર્યાદિત ખરીદી કરી રહ્યા છે.

બાપુનગર માર્કેટ દિવાળીની ખરીદી માટે જાણીતું છે. બપોર બાદ બજારમાં લોકોની ભારે ભીડ જામે છે અને સાંજના સમયે તો પગ મૂકવાની પણ જગ્યા રહેતી નથી. તેમ છતાં મોંઘવારીના કારણે લોકો ખરીદી કરતાં પહેલાં અનેક વખત ભાવતાલ કરી રહ્યા છે. ઘણા લોકો બજારમાં વસ્તુઓ પસંદ કરે છે, પરંતુ ભાવ સાંભળ્યા બાદ ખરીદી ટાળી રહ્યા છે. પરિણામે બજારમાં ભીડ હોવા છતાં વેપારીઓને અપેક્ષા મુજબ ઘરાકી મળી રહી નથી. મોંઘવારીની સૌથી વધુ અસર મધ્યમ વર્ગના પરિવારો પર જોવા મળી રહી છે. લોકો પોતાના માટે કપડાં, ઘરની સજાવટની વસ્તુઓ અને અન્ય ચીજવસ્તુઓ ખરીદવાનું ટાળી રહ્યા છે. જોકે, બાળકોની દિવાળી ખુશીઓથી ભરેલી રહે તે માટે માતા-પિતા મર્યાદિત બજેટમાં પણ તેમના માટે ખરીદી કરી રહ્યા છે.ઘણા પરિવારો પોતાની ઈચ્છાઓને બાજુ પર રાખીને માત્ર જરૂરી વસ્તુઓ અને બાળકોની પસંદગીની ચીજવસ્તુઓ ખરીદવા પર ધ્યાન આપી રહ્યા છે. આમ, આ વર્ષે દિવાળીની ખરીદીમાં લોકો ખર્ચ અંગે ખાસ સાવચેતી રાખી રહ્યા છે.

બાપુનગર માર્કેટમાં ખરીદદારોની ભીડ સાથે ટ્રાફિકની સમસ્યા પણ ગંભીર બની છે. સાંજના સમયે મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર નિયંત્રિત કરવામાં આવતાં આસપાસના રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ વધી જાય છે. પાર્કિંગની પૂરતી વ્યવસ્થા ન હોવાથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અંદરની ગલીઓમાં વાહનો ફસાઈ જતાં મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોને પણ હાલાકી ભોગવવી પડે છે. ટ્રાફિક વ્યવસ્થાપન અને પાર્કિંગની યોગ્ય સુવિધા ઊભી કરવાની જરૂરિયાત પણ લોકો અનુભવી રહ્યા છે.

એક તરફ બજારોમાં દિવાળીની રોનક અને ખરીદદારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ મોંઘવારીના કારણે સામાન્ય પરિવારો ખર્ચમાં કાપ મૂકી રહ્યા છે. બજારમાં લોકોની ભીડ છે, પરંતુ આ ભીડનું ખરીદીમાં રૂપાંતર કેટલું થાય છે તે વેપારીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. આ વર્ષે અનેક પરિવારો માટે દિવાળીની ખરીદી ઉત્સાહ કરતાં વધુ બજેટ અને જરૂરિયાતો વચ્ચે સંતુલન જાળવવાની કવાયત બની છે.

અનામત બેઠકોના રોટેશનની માગ ફગાવાઈ

'સંસદનું કામ અમે ના કરી શકીએ' : સુપ્રીમ કોર્ટ

સાત દાયકાથી કાદીપુર બેઠક અનામત હોવાની અરજી ફગાવી, નીતિ બદલવાનો અધિકાર સંસદનો ગણાવ્યો

નવી દિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે લોકસભા અને વિધાનસભાની અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત રાખવામાં આવેલી બેઠકો પર દરેક ચૂંટણીમાં રોટેશન (અદલાબદલી) નીતિ લાગુ કરવાની માંગણી ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની પીઠે સ્પષ્ટ કર્યું છે કે અનામત બેઠકોની નીતિ નક્કી કરવી કે તેમાં ફેરફાર કરવો એ સંસદના અધિકાર ક્ષેત્રનો વિષય છે. ન્યાયતંત્ર સંસદને આ અંગે કોઈ નવો કાયદો બનાવવાનો કે વર્તમાન કાયદામાં સુધારો કરવાનો આદેશ આપી શકે નહીં.આ સમગ્ર વિવાદ ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાની 191-કાદીપુર વિધાનસભા બેઠક સાથે જોડાયેલો છે. આ ક્ષેત્રના મતદાતા જગદીશ સિંહે અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે આ બેઠક છેલ્લા સાત દાયકાથી સતત SC સમુદાય માટે અનામત રાખવામાં આવી છે. રોટેશન સિસ્ટમ ન હોવાને કારણે અન્ય વર્ગના ઉમેદવારોને ચૂંટણી લડવાનો મોકો મળતો નથી અને અનામતનો લાભ માત્ર અમુક જ પરિવારો સુધી સીમિત રહી જાય છે. તેથી પંચાયતો અને નગરપાલિકાઓની જેમ લોકસભા અને વિધાનસભામાં પણ રોટેશન નીતિ લાગુ કરવી જોઈએ.મતદાર માહિતીસુપ્રીમ કોર્ટે પરિસીમન કાયદા, 2002ની કલમ 9(1)(c) સામે થયેલી અરજી પર સુનાવણી કરતા અરજદારને રમૂજી અંદાજમાં કહ્યું કે તેમણે 'ખોટો નંબર જોડ્યો છે.' એટલે કે આ મામલો કોર્ટનો નથી, પરંતુ સંસદનો છે. કોર્ટે સ્પષ્ટ સલાહ આપી કે અનામત બેઠકોમાં રોટેશન નીતિ લાવવાની માંગણી અદાલતમાં નહીં, પરંતુ સંસદ અને લોકપ્રતિનિધિઓ સમક્ષ ઉઠાવવી જોઈએ. જો અરજદાર કાયદામાં કોઈ ફેરફાર ઈચ્છતા હોય તો તેમણે જનપ્રતિનિધિઓનો સંપર્ક કરીને સમર્થન મેળવવું પડશે અને સંસદ દ્વારા જ આ નીતિમાં સુધારો કરાવવો પડશે.કોર્ટે સુનાવણી દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે બંધારણના અનુચ્છેદ 330 અને 332 અથવા પરિસીમન કાયદામાં રોટેશનની કોઈ અનિવાર્યતા નથી. મતદાન કરવાનો અધિકાર અને ચોક્કસ બેઠક પરથી જ ચૂંટણી લડવાનો દાવો – આ બંને અલગ બાબતો છે. સામાન્ય વર્ગના ઉમેદવારો પાસે બિન-અનામત બેઠકો પરથી ચૂંટણી લડવાનો વિકલ્પ ઉપલબ્ધ હોય છે. ઉપરાંત, કોર્ટે નોંધ્યું કે લોકશાહીમાં મતદારો માત્ર જાતિ કે ધર્મના આધારે જ નહીં, પરંતુ રાજકીય પક્ષો અને તેમની વિચારધારાના આધારે પણ મતદાન કરે છે.મતદાર માહિતી

શેરબજારમાં દિવાળી પહેલાં તેજીનો ધમાકો

સેન્સેક્સ ૨,૦૭૨ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૪,૫૪૨ના સ્તરે બંધ

બજારમાં આવેલા આ ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. ૭.૩ લાખ કરોડનો વધારો થયો

મુંબઈ, તા.૫

દિવાળીના તહેવાર પહેલાં ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. BSEનો સેન્સેક્સ ૨,૦૭૧.૭૮ પોઈન્ટના જંગી ઉછાળા સાથે ૭૯,૩૭૩.૧૮ના સ્તરે બંધ થયો હતો. જ્યારે દ્નજીઈનો નિફ્ટી ૫૮૧.૬૦ પોઈન્ટ વધીને ૨૪,૫૪૨.૨૦ના સ્તરે પહોંચ્યો હતો. બજારમાં આવેલી આ તેજીને પગલે રોકાણકારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગુરુવારના કારોબાર દરમિયાન બજારમાં ચારે તરફ ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. મોટા શેરોની સાથે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ તેજી નોંધાઈ હતી. બજારમાં આવેલા આ ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. ૭.૩ લાખ કરોડનો વધારો થયો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. આજના કારોબારમાં બેંક્કિંગ, ફાઈનાન્સિયલ અને ઓટોમોબાઈલ સેક્ટરના શેરોમાં સારી ખરીદી જોવા મળી હતી. બજાજ ફાઈનાન્સ, શ્રીરામ ફાઈનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને અન્ય અગ્રણી કંપનીઓના શેરોમાં તેજી જોવા મળી હતી. આ ખરીદીએ બજારને ઉપર લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો, વૈશ્વિક બજારોમાં સકારાત્મક માહોલ અને વિદેશી રોકાણકારોની ખરીદી જેવા પરિબળોએ ભારતીય શેરબજારને ટેકો આપ્યો હતો. આ ઉપરાંત રોકાણકારોમાં આર્થિક પરિસ્થિતિ સુધરવાની આશાએ પણ ખરીદીનું પ્રમાણ વધાર્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી ભારતીય શેરબજારમાં ઉતાર-ચઢાવ વચ્ચે આજે નોંધાયેલી મોટી તેજીએ રોકાણકારોને રાહત આપી છે. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં નોંધપાત્ર ઉછાળાથી બજારમાં નવી આશા જાગી છે. જોકે, બજારની અસ્થિરતાને ધ્યાનમાં રાખીને રોકાણકારોએ સાવચેતીપૂર્વક રોકાણ કરવું જરૂરી છે.

ટ્રમ્પની નીતિઓ સામે દબાણ વધ્યું

ભારત માટે ખુલશે વેપાર કરાર અને H-1B વિઝાની નવી તકો

સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીના દબદબાને કારણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધી

વોશિંગ્ટન/નવી દિલ્હી, તા. ૫

અમેરિકાની સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીનું વર્ચસ્વ સ્થપાતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મધ્યસત્ર ચૂંટણીના આ પરિણામો બાદ ટ્રમ્પને પોતાના એજન્ડા અને નીતિઓ આગળ વધારવામાં કોંગ્રેસના કડક વિરોધનો સામનો કરવો પડશે, જેની સીધી અસર ભારત અને પાકિસ્તાન સાથેના અમેરિકાના સંબંધો પર પણ જોવા મળશે. ખાસ કરીને ભારત માટે ટેરિફ નીતિ, લાંબા સમયથી અટવાયેલા વેપાર કરારો અને H-1B વિઝા જેવા મહત્ત્વના મુદ્દાઓ પર નવી તકો ઊભી થવાની પૂરી સંભાવના છે.

અમેરિકી કોંગ્રેસમાં બદલાયેલા રાજકીય સમીકરણોની ભારત પર સૌથી સકારાત્મક અસર વેપાર કરારની વાટાઘાટોમાં જોવા મળી શકે છે. ટ્રમ્પ માટે આ પરિસ્થિતિમાં પોતાની રાજકીય છબી મજબૂત કરવા વિદેશ નીતિમાં કોઈ મોટી સફળતા મેળવવી અનિવાર્ય બનશે, જેથી ભારત સાથે ઝડપથી વેપાર કરાર કરવાના તેમના એજન્ડાને વેગ મળી શકે. ભારત પણ આ સ્થિતિનો લાભ લઈને પોતાના હિતમાં વધુ સારી શરતો મેળવવા પ્રયાસ કરશે. જોકે, ચીન અને વિયેતનામ જેવા સ્પર્ધક દેશોની સરખામણીમાં અનુકૂળ ટેરિફ શરતો મેળવવાના માર્ગમાં ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ હેઠળની તપાસ જેવા અવરોધો પણ યથાવત્ છે. બીજી તરફ, H-1B વિઝા મેળવનારાઓમાં આશરે ૭૫ ટકા નાગરિકો ભારતીયો હોવાથી, ડેમોક્રેટિક સાંસદોના દબાણને કારણે કુશળ વિદેશી કર્મચારીઓ પર લાદવામાં આવેલા ૧ લાખ ડૉલરની ઊંચી ફી અને નિયંત્રણોની સમીક્ષા થવાની અને લાંબા ગાળે ભારતીય ટેક પ્રોફેશનલ્સને રાહત મળવાની આશા બંધાઈ છે. અલબત્ત, માનવાધિકાર અને ધાર્મિક સ્વતંત્રતા જેવા મુદ્દાઓ પર ડેમોક્રેટ્સ અગાઉની જેમ સવાલો ઉઠાવતા રહી શકે છે, જેથી પડકારો સંપૂર્ણપણે નાબૂદ નહીં થાય.

આ તરફ, પાકિસ્તાન માટે આ રાજકીય પલટો મુશ્કેલીઓ વધારીનારો સાબિત થઈ શકે છે. પાકિસ્તાની આર્મી ચીફ આસિમ મુનીરના પ્રયાસોથી પાકિસ્તાને છેલ્લા સમયમાં ટ્રમ્પ પરિવારના ક્રિપ્ટો બિઝનેસ (વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્શિયલ), ડ્રોન ખરીદીના સોદાઓ, યુએસ સ્ટ્રેટેજિક મેટલ્સ સાથે ખનિજ વિકાસ કરાર અને રૂઝવેલ્ટ હોટેલના નવીનીકરણ જેવા વ્યવસાયિક સોદાઓ કર્યા હતા. હવે ડેમોક્રેટ્સ દ્વારા ટ્રમ્પ પરિવારના વ્યવસાયિક હિતો અને ક્રિપ્ટો ટ્રેડિંગની તપાસ શરૂ કરવામાં આવે તો પાકિસ્તાન સાથેના આ તમામ સોદાઓ પણ તપાસના દાયરામાં આવી શકે છે, જે પાકિસ્તાની લશ્કરી નેતૃત્વ માટે ભારે આફતરૂપ સાબિત થઈ શકે છે.

જે.ડી. વેન્સનો સ્વીકાર

ઈરાન યુદ્ધ અને મોંઘવારીએ રિપબ્લિકન પાર્ટીને હરાવી

'અમેરિકા ફર્સ્ટ' નીતિથી મતદારોમાં નારાજગી, ડેમોક્રેટ્સ તરફ વળ્યા ટ્રમ્પના જૂના સમર્થકો

વોશિંગ્ટન, તા.૫

અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીને મળેલા પરાજય બાદ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સે હાર પાછળનાં ચાર મુખ્ય કારણો ગણાવ્યાં છે. ઈરાન સાથેનો લશ્કરી સંઘર્ષ, વધતી મોંઘવારી, ટ્રમ્પ વહીવટીતંત્રની 'અમેરિકા ફર્સ્ટ' નીતિથી ભટક્યાની ધારણા અને ઇઝરાયેલ સાથેના સંબંધો અંગેનો અસંતોષ પાર્ટીની હારનાં મુખ્ય કારણો હોવાનું તેમણે જણાવ્યું છે. આ સાથે તેમણે સ્વીકાર્યું છે કે અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપનારા અનેક મતદારો આ વખતે ડેમોક્રેટિક પાર્ટી તરફ વળ્યા છે.

૩ નવેમ્બરે યોજાયેલી મિડ-ટર્મ ચૂંટણીનાં પરિણામો બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોતાની પ્રતિક્રિયા આપતાં વેન્સે જણાવ્યું હતું કે રિપબ્લિકન પાર્ટીની હારનું કારણ માત્ર ઓછું મતદાન નહોતું. અનેક મતદારોએ મતદાનમાં ભાગ લીધો હોવા છતાં રિપબ્લિકન ઉમેદવારોને બદલે ડેમોક્રેટિક ઉમેદવારોને પસંદ કર્યા હતા. સરકારની નીતિઓ અને નિર્ણયો સામેની નારાજગી મતદાનમાં પ્રતિબિંબિત થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

વેન્સે પાર્ટીના આંતરિક મૂલ્યાંકન અને રાજકીય વિશ્લેષણના આધારે ચાર મુખ્ય પરિબળોનો ઉલ્લેખ કર્યો હતો. ૧. ઈરાન સાથેનો સંઘર્ષ: ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે અમેરિકી મતદારોમાં અસંતોષ વધ્યો હોવાનું માનવામાં આવ્યું છે. વેન્સે પણ આ સંઘર્ષને ચૂંટણીમાં થયેલા નુકસાનનું મહત્ત્વનું કારણ ગણાવ્યું હતું. ૨. વધતી મોંઘવારી: જીવનજરૂરી ચીજવસ્તુઓ અને રોજિંદા ખર્ચમાં વધારાને કારણે સામાન્ય નાગરિકોમાં સરકાર સામે નારાજગી વધી હતી. ૩. અમેરિકા ફર્સ્ટ નીતિ અંગે સવાલો: ટ્રમ્પ વહીવટીતંત્ર પોતાની ચૂંટણીલક્ષી 'અમેરિકા ફર્સ્ટ' નીતિથી પાછળ હટી રહ્યું હોવાની ધારણાએ પણ મતદારોને પ્રભાવિત કર્યા હતા. ૪. ઇઝરાયેલ સાથેના સંબંધો: ઇઝરાયેલ સાથે અમેરિકી સરકારના સંબંધો અને વિદેશ નીતિ અંગેના કેટલાક મતદારોના અસંતોષની અસર પણ ચૂંટણીમાં જોવા મળી હતી. વેન્સે એક રિપબ્લિકન ડેટા એનાલિસ્ટ સાથેની વાતચીતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણીમાં ટ્રમ્પ-વેન્સની જોડીને સમર્થન આપનારા કેટલાક મતદારો આ વખતે ડેમોક્રેટિક ઉમેદવારોને મત આપી શકે છે તેવી ચેતવણી અગાઉથી આપવામાં આવી હતી. ચૂંટણીનાં પરિણામોએ આ ચિંતા સાચી સાબિત કરી હોવાનું વેન્સે જણાવ્યું હતું. તેમણે ફ્લોરિડાનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે ત્યાં રિપબ્લિકન પાર્ટીની સ્થિતિ મજબૂત રહી હતી. આથી સમસ્યા મતદારોની ઓછી ભાગીદારીની નહીં, પરંતુ મતદારોની પસંદગીમાં આવેલા બદલાવની હતી. ચૂંટણીનાં પરિણામો બાદ ડેમોક્રેટ્સને કોંગ્રેસનાં બંને ગૃહોમાં બહુમતી મળી હોવાનો દાવો અહેવાલમાં કરવામાં આવ્યો છે. આ સ્થિતિ ટ્રમ્પ વહીવટીતંત્ર માટે રાજકીય રીતે પડકારજનક બની શકે છે. ડેમોક્રેટ્સને સરકારની નીતિઓની સમીક્ષા, સરકારી અધિકારીઓની પૂછપરછ અને ઈમિગ્રેશન, અર્થતંત્ર તથા ઈરાન સાથેના સંઘર્ષ જેવા મુદ્દાઓ પર વહીવટીતંત્રને જવાબદાર ઠેરવવાની વધુ તક મળી શકે છે. મિડ-ટર્મ ચૂંટણીનાં પરિણામોએ ટ્રમ્પ સરકાર સામે મતદારોની બદલાતી માનસિકતા અને વિદેશ તથા આર્થિક નીતિઓ અંગેના અસંતોષને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. હવે કાર્યકાળનાં બાકીનાં બે વર્ષમાં ટ્રમ્પ વહીવટીતંત્ર આ રાજકીય પડકારોનો સામનો કેવી રીતે કરે છે તેના પર સૌની નજર રહેશે.

SRH સાથે ચાર ખેલાડીઓની અદલાબદલી

IPL ૨૦૨૭ ઓક્શન પહેલાં CSK-SRH વચ્ચે ધમાકેદાર ટ્રેડ

હૈદરાબાદે લિયામ લિવિંગસ્ટોન અને જેક એડવર્ડ્સને ચેન્નઈને સોંપ્યા; બદલામાં ખલીલ અહમદ અને નાથન એલિસ SRHમાં જોડાયા

નવી દિલ્હી, તા.૫

IPL 2027ના મિની ઓક્શન પહેલાં જ ખેલાડીઓની અદલાબદલીને લઈને ફ્રેન્ચાઈઝીઓમાં હલચલ તેજ બની છે. આ દરમિયાન ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે ચાર ખેલાડીઓનો મોટો ટ્રેડ થયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ટ્રેડમાં બંને ટીમોએ બે-બે ખેલાડીઓની અદલાબદલી કરી છે. ખાસ વાત એ છે કે ત્રણ વિદેશી અને એક ભારતીય ખેલાડી આ ટ્રેડનો ભાગ બન્યા છે.

ટ્રેડ અનુસાર, સનરાઈઝર્સ હૈદરાબાદે ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોન અને જેક એડવર્ડ્સને ચેન્નઈ સુપર કિંગ્સમાં મોકલ્યા છે. જ્યારે ચેન્નઈએ ભારતીય ફાસ્ટ બોલર ખલીલ અહમદ અને ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર નાથન એલિસને હૈદરાબાદમાં સામેલ કર્યા છે.

આ ટ્રેડમાં સૌથી વધુ ચર્ચા લિયામ લિવિંગસ્ટોનની કિંમતને લઈને થઈ રહી છે. હૈદરાબાદે અગાઉ તેને રૂ. ૧૩ કરોડમાં પોતાની ટીમમાં સામેલ કર્યો હતો, જ્યારે હવે ચેન્નઈએ તેને રૂ. ૬ કરોડમાં જોડ્યો છે. એટલે તેની કિંમતમાં રૂ. ૭ કરોડનો ઘટાડો થયો છે.

બીજી તરફ, જેક એડવર્ડ્સની કિંમત રૂ. ૩ કરોડ યથાવત્ રાખવામાં આવી છે. હૈદરાબાદમાંથી આવેલા આ બંને ખેલાડીઓ ચેન્નઈની ટીમને ઓલરાઉન્ડ વિકલ્પો પૂરા પાડી શકે છે.

સનરાઈઝર્સ હૈદરાબાદે ખલીલ અહમદને રૂ. ૪.૮૦ કરોડમાં અને નાથન એલિસને રૂ. ૨ કરોડમાં પોતાની ટીમમાં સામેલ કર્યા છે. ખલીલ અગાઉ ૨૦૧૮થી ૨૦૨૧ દરમિયાન હૈદરાબાદ તરફથી રમી ચૂક્યો છે. તેથી તેની ટીમમાં વાપસી થઈ છે.

બીજી તરફ, ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર નાથન એલિસ ડેથ ઓવરમાં અસરકારક બોલિંગ માટે જાણીતો છે. તેની હાજરીથી હૈદરાબાદના ફાસ્ટ બોલિંગ વિભાગને મજબૂતી મળી શકે છે. IPL 2027ના મિની ઓક્શન પહેલાં ખેલાડીઓના રિટેન્શન અને ટ્રેડને લઈને હજુ વધુ હલચલ જોવા મળી શકે છે. બંને ટીમોએ પોતાની જરૂરિયાત પ્રમાણે ખેલાડીઓની અદલાબદલી કરી છે. હવે આ ખેલાડીઓ આગામી સિઝનમાં પોતાની નવી ટીમ માટે કેવું પ્રદર્શન કરે છે તેના પર ક્રિકેટ ચાહકોની નજર રહેશે.

સરપંચની ચૂંટણીનો અનોખો મુકાબલો

ચાર વાર મતગણતરી છતાં બંને ઉમેદવારોને સરખા વોટ

બાડમેરની ગાલાબેરી ગ્રામ પંચાયતમાં ચૂંટણીનું અદ્ભૂત ચિત્ર મહદૂ દેવી અને પૂનમ કુમારી બંનેને ૬૧૪-૬૧૪ મત મળ્યા

બાડમેર, તા. ૫

રાજસ્થાનની પંચાયત ચૂંટણીમાં એક અત્યંત રોચક અને અનોખો મુકાબલો જોવા મળ્યો છે, જ્યાં જીત અને હારનો ફેસલો ન તો વોટના કોઈ અંતરથી થયો કે ન તો પુનઃ ગણતરીથી. બાડમેરની ગ્રામીણ પંચાયત સમિતિ અંતર્ગત આવતી ગાલાબેરી ગ્રામ પંચાયતમાં સરપંચ પદ મહિલા માટે અનામત હતું, જ્યાં મહદૂ દેવી (પત્ની અચલારામ) અને પૂનમ કુમારી (પત્ની દુર્ગેશ કુમાર) વચ્ચે સીધી ટક્કર હતી. ચૂંટણી મેદાનમાં બંને ઉમેદવારોએ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. મતદાન પૂર્ણ થયા બાદ જ્યારે મતગણતરી હાથ ધરવામાં આવી ત્યારે પરિણામ આશ્ચર્યજનક આવ્યું હતું. બંને મહિલા ઉમેદવારોને સરખા એટલે કે ૬૧૪-૬૧૪ વોટ મળ્યા હતા. આ ઉપરાંત ૩ વોટ નોટા (NOTA) ના ખાતામાં ગયા હતા જ્યારે ૨૨ વોટ રદ (રિજેક્ટ) થયા હતા. પ્રથમ ગણતરીમાં સરખા વોટ આવ્યા બાદ કોઈ પણ પ્રકારની ભૂલની આશંકાને નકારવા માટે તંત્ર દ્વારા ફરીથી મતગણતરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ દરેક વખતે પરિણામ સમાન જ રહ્યું હતું.

આ પ્રક્રિયા હેઠળ એક પછી એક કુલ ચાર વાર મતગણતરી કરવામાં આવી હતી, છતાં મહદૂ દેવી અને પૂનમ કુમારીના વોટની સંખ્યા દર વખતે ૬૧૪-૬૧૪ પર જ અટકી રહી હતી. ચાર વખતની મતગણતરી બાદ પણ ટાઈ ન તૂટતા આખરે ચૂંટણી અધિકારીઓએ પ્રવર્તમાન નિયમો અનુસાર લોટરી એટલે કે ચિઠ્ઠી દ્વારા વિજેતા જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. આ નસીબના ખેલમાં પૂનમ કુમારીની તરફેણમાં ફેસલો આવ્યો અને તેઓ સરપંચ તરીકે વિજયી જાહેર થયા, જ્યારે બરાબર વોટ મેળવવા છતાં મહદૂ દેવીએ હારનો સામનો કરવો પડ્યો હતો. પરિણામ સામે આવતા જ ગામમાં આ અનોખી ટક્કર ભારે ચર્ચાનો વિષય બની હતી. ઉલ્લેખનીય છે કે આ ગ્રામ પંચાયતમાં કુલ ૧૩૫૯ મતદાતાઓ હતા, જેમાંથી ૧૨૫૩ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને અંદાજે ૯૦.૫૮ ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું.

તહેવારની મજબૂરીનો લાભ લેવાતો હોવાનો આક્ષેપ

વતન જતાં મુસાફરો પાસેથી ત્રણ ગણું ભાડું વસૂલાતું હોવાનો આક્ષેપ

દિવાળીમાં ખાનગી લક્ઝરી બસ સંચાલકોની મનમાની સામે વરાછા બેઠકના ધારાસભ્ય કુમાર કાનાણીનો આક્રોશ

સુરત, તા.૫

દિવાળીના તહેવાર દરમિયાન વતન જવા માટે નીકળેલા મુસાફરોની વધતી ભીડ વચ્ચે ખાનગી લક્ઝરી બસ સંચાલકો દ્વારા ભાડામાં મનસ્વી વધારો કરવામાં આવતો હોવાની ફરિયાદો ઊઠી છે. સામાન્ય દિવસોની સરખામણીએ તહેવારોના સમયમાં ત્રણ ગણું ભાડું વસૂલવામાં આવતું હોવાના આક્ષેપ સાથે સુરતની વરાછા બેઠકના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ આ મામલે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે સરકાર સમક્ષ ખાનગી બસોના બેફામ ભાડા વધારા પર નિયંત્રણ લાવવા અને મુસાફરોને રાહત આપવાની માગ કરી છે.

દિવાળીના તહેવારમાં સુરત સહિતના શહેરોમાં વસતા મોટી સંખ્યામાં લોકો પોતાના વતન તરફ પ્રયાણ કરતા હોય છે. આ દરમિયાન ટ્રેન અને સરકારી બસોમાં મુસાફરોની ભીડ વધતાં અનેક લોકો ખાનગી લક્ઝરી બસનો વિકલ્પ પસંદ કરે છે. મુસાફરોની આ મજબૂરીનો લાભ લઈને કેટલાક ખાનગી બસ સંચાલકો સામાન્ય દિવસો કરતાં ત્રણ ગણું ભાડું વસૂલતા હોવાની ફરિયાદો સામે આવી છે.નાગરિકો તરફથી મળેલી ફરિયાદોના આધારે ધારાસભ્ય કુમાર કાનાણીએ ખાનગી બસ સંચાલકોની ભાડા વસૂલવાની પદ્ધતિ સામે સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, તહેવારોના સમયમાં મુસાફરો પાસેથી મનફાવે તેમ ભાડું વસૂલવામાં આવતું હોવાથી ખાસ કરીને મધ્યમ અને સામાન્ય વર્ગના પરિવારોને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

કુમાર કાનાણીએ સરકારને રજૂઆત કરીને તહેવારો દરમિયાન ખાનગી લક્ઝરી બસોના મનસ્વી ભાડા વધારા પર અંકુશ મૂકવા માટે યોગ્ય પગલાં ભરવાની માગ કરી છે. મુસાફરોની જરૂરિયાત અને મજબૂરીનો લાભ લઈને કરવામાં આવતી વધારાની વસૂલાત અટકાવવા માટે અસરકારક વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત પણ તેમણે વ્યક્ત કરી છે. ધારાસભ્ય કાનાણીએ નાગરિકોને પણ શક્ય હોય ત્યાં સુધી એસટી નિગમની સરકારી બસોમાં મુસાફરી કરવાની અપીલ કરી છે. ખાનગી બસોના ઊંચા ભાડાથી બચવા અને મુસાફરીનો ખર્ચ ઘટાડવા માટે સરકારી પરિવહન સેવાનો વધુમાં વધુ ઉપયોગ કરવા તેમણે જણાવ્યું છે.

દિવાળીના તહેવાર દરમિયાન ખાનગી બસોના ભાડામાં થઈ રહેલા વધારાનો મુદ્દો હવે રાજકીય સ્તરે પણ ચર્ચામાં આવ્યો છે. ત્યારે મુસાફરોની ફરિયાદોને ધ્યાનમાં રાખીને સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા કેવાં પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

અમિત શાહનો રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર

રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે, SIR પર ચર્ચા કરે

હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેર સભામાં શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા

હરિયાણા, તા.૫

વિપક્ષ દ્વારા સતત SIRની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ રાહુલ ગાંધીના નેતૃત્વમાં INDIA બ્લોકની રેલી પણ દિલ્હીમાં યોજાઈ હતી. વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ત્યારે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના કરનાલથી રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર આપ્યો છે. તેમણે કહ્યું કે જો રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે અને મતદાર યાદીના સુધારણા એટલે કે SIR (Special Intensive Revision) મુદ્દે ચર્ચા કરે. એટલું જ નહીં, અમિત શાહે કહ્યું કે સરકાર આ મુદ્દે ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવા પણ તૈયાર છે. તેમણે રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિશેષ સત્ર બોલાવવાની માંગ કરવા પણ કહ્યું છે.

હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેરસભામાં અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વડાપ્રધાન મોદીને ચર્ચા માટે પડકારી રહ્યા છે, પરંતુ જો તેઓ ખરેખર ચર્ચા કરવા માંગતા હોય તો તેમણે આગળ આવવું જોઈએ. અમિત શાહે રાહુલ ગાંધીને સીધો સંદેશ આપતાં કહ્યું હતું કે, તમે મોદીજીને ચર્ચા માટે પડકારી રહ્યા છો. જો ખરેખર ચર્ચા કરવી હોય તો તેમને એક પત્ર લખો. અમે સંસદનું વિશેષ સત્ર બોલાવીને આ મુદ્દે ચર્ચા કરવા તૈયાર છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર SIR મુદ્દે સંસદમાં ઉઠાવવામાં આવતા દરેક સવાલનો જવાબ આપવા તૈયાર છે. SIRને લઈને છેલ્લા કેટલાક સમયથી રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. વિપક્ષ દ્વારા ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો મતદાર યાદીના પુનઃનિરીક્ષણની પ્રક્રિયા સામે વાંધો વ્યક્ત કરી રહ્યા છે. ૧ નવેમ્બરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં દિલ્હીના રામલીલા મેદાનમાં વિપક્ષ દ્વારા મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં SIR સહિતના મુદ્દાઓને લઈને સરકાર અને ચૂંટણી પંચ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. હવે અમિત શાહે સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવીને કોંગ્રેસને સીધો પડકાર આપ્યો છે.

અમિત શાહે પોતાના સંબોધનમાં કોંગ્રેસની ચૂંટણીની કામગીરી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે દેશની જનતાએ સતત ત્રીજી વખત નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે પસંદ કર્યા છે. ત્યારબાદ વિવિધ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીઓમાં પણ કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો છે. હરિયાણાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં અમિત શાહે દાવો કર્યો હતો કે મતગણતરીના શરૂઆતના પાંચ તબક્કા બાદ જ કોંગ્રેસને પોતાની સ્થિતિનો અંદાજ આવી ગયો હતો.

તેમ છતાં પાર્ટીને સત્તામાં પાછા ફરવાની આશા હતી. તેમણે કહ્યું કે હરિયાણાની જનતાએ સતત ત્રીજી વખત ભાજપને તક આપી અને નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા. ગૃહમંત્રી અમિત શાહે પોતાના ભાષણમાં મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર અને આસામની ચૂંટણીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે સતત ચૂંટણીમાં મળતી હારને કારણે રાહુલ ગાંધી પરેશાન છે અને હવે પોતાની હારનો દોષ ચૂંટણી પંચ તથા મતદાર યાદીના જૈંઈ પર ઢોળી રહ્યા છે. અમિત શાહે કોંગ્રેસને સલાહ આપતાં કહ્યું કે આક્ષેપો કરવાને બદલે લોકશાહી પ્રક્રિયા અને SIR જેવા મુદ્દાઓ પર સંસદમાં આવીને ચર્ચા કરવી જોઈએ. હવે આ મુદ્દે રાહુલ ગાંધી શું જવાબ આપે છે અને સરકાર ખરેખર વિશેષ સંસદ સત્ર બોલાવે છે કે નહીં તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

બે બાળકોની નીતિ પર સુપ્રીમ કોર્ટની નજર

ચૂંટણી લડવા માટે 'બે બાળકોની નીતિ' રદ થશે?

૨૦03ના જાવેદ કેસને મોટી બેંચ સમક્ષ મોકલ્યો, ઘટતા પ્રજનન દરને લઈ કાયદાની સમીક્ષા થશે

નવી દિલ્હી, તા.૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારોની લાયકાતને લઈને સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક અવલોકન કર્યું છે. દેશના સર્વોચ્ચ ન્યાયાલયે એવા કાયદાઓની પ્રસ્તુતતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે, જે બેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારોને સ્થાનિક સ્વરાજ્યની (પંચાયત કે નગરપાલિકા) ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવે છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે બદલાતી વસ્તી વિષયક સ્થિતિ અને ભારતમાં ઘટી રહેલા પ્રજનન દરને ધ્યાનમાં રાખતાં આવા કાયદાઓ પાછળનો મૂળ તર્ક હવે અપ્રસ્તુત થઈ ગયો છે.કઠોર વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે, "ભારતમાં પ્રજનન દરમાં સતત થઈ રહેલા ઘટાડા અને બદલાતા વસ્તી વિષયક સમીકરણોને જોતાં, બેથી વધુ બાળકો હોવાને કારણે વ્યક્તિઓને અયોગ્ય ઠેરવતા આવા કાયદાઓ પર પુનર્વિચાર કરવાની તાતી જરૂરિયાત છે."આ અવલોકનને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે 2003ના જાવેદ વિરુદ્ધ હરિયાણા રાજ્ય કેસને એક મોટી બેંચ સમક્ષ મોકલી આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, 2003માં ત્રણ ન્યાયાધીશોની બેંચે હરિયાણા પંચાયતી રાજ અધિનિયમ, 1994 ની બંધારણીય માન્યતાને યથાવત રાખી હતી, જેના હેઠળ બેથી વધુ જીવિત બાળકો ધરાવનાર વ્યક્તિને સ્થાનિક ચૂંટણી લડવા માટે અયોગ્ય ગણવામાં આવતી હતી.જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક આરાધેની ખંડપીઠે આ મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવતાં કાકોડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મંગલા ભીમરાવ પર લાદવામાં આવેલી અયોગ્યતાને પણ રદ કરી દીધી છે. મંગલા ભીમરાવને તેમના ત્રીજા બાળકના જન્મ બાદ મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમ, 1959 ની કલમ 14(1)(j-1) હેઠળ ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના 1959ના આ કાયદામાં 13 સપ્ટેમ્બર, 2000ના રોજ એક સુધારા દ્વારા બેથી વધુ બાળકો ધરાવનાર ઉમેદવાર માટે અયોગ્યતાનો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો.સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસને મોટી બેંચ સમક્ષ મોકલવાના નિર્ણયથી દેશના અનેક રાજ્યોના પંચાયતી રાજ કાયદાઓ પર વ્યાપક અસર પડી શકે છે. હાલમાં દેશના અનેક રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માટે 'બે બાળકોની નીતિ' અમલમાં છે. સર્વોચ્ચ અદાલતના આ વલણથી ભવિષ્યમાં ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો માટે મોટા રાહતના સમાચાર આવી શકે છે.

દિગ્વિજય સિંહના નિવેદનથી રાજકીય ગરમાવો

હિન્દુત્વ નફરત ફેલાવે છે, તેનાથી દૂર રહો : કોંગ્રેસ

સનાતન ધર્મ અને હિન્દુત્વને અલગ ગણાવ્યાં; ઉજ્જૈનથી અયોધ્યા સુધીની પદયાત્રા દરમિયાન રાઘૌગઢમાં આપ્યું નિવેદન

રાઘૌગઢ (મધ્યપ્રદેશ), તા. ૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહના હિન્દુત્વ અંગેના નિવેદનથી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. તેમણે સનાતન ધર્મ અને હિન્દુત્વને અલગ ગણાવતાં હિન્દુત્વની વિચારધારા નફરત ફેલાવતી હોવાનો દાવો કર્યો હતો. લોકોને હિન્દુત્વથી દૂર રહેવાની સલાહ આપતાં તેમણે સનાતન ધર્મનો મૂળ સંદેશ 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર હોવાની ભાવના હોવાનું જણાવ્યું હતું.

દિગ્વિજય સિંહે આ નિવેદન તેમની 'સત્ય સનાતન સ્વાભિમાન યાત્રા' દરમિયાન મધ્યપ્રદેશના રાઘૌગઢમાં સભાને સંબોધિત કરતી વખતે આપ્યું હતું. ઉજ્જૈનથી અયોધ્યા સુધી આશરે ૧,૦૦૦ કિલોમીટરની પદયાત્રા પર નીકળેલા દિગ્વિજય સિંહ યાત્રાના પ્રથમ પડાવ બાદ પોતાના વતન રાઘૌગઢ પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમના પુત્ર જયવર્ધન સિંહ સહિત પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સનાતન ધર્મનો સાચો અર્થ પ્રેમ, કરુણા અને સમગ્ર વિશ્વને એક પરિવાર માનવાની ભાવનામાં રહેલો છે. સનાતન ધર્મને હિન્દુત્વ સાથે જોડીને રજૂ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

દિગ્વિજય સિંહે પોતાની પદયાત્રા પાછળના બે મુખ્ય હેતુઓનો ઉલ્લેખ કર્યો હતો. પ્રથમ હેતુ દેશમાં લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવાનો હોવાનું તેમણે જણાવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયા અને ઈફસ અંગે સવાલ ઉઠાવતાં તેમણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના બદલે બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગ કરી હતી. આ સંદર્ભમાં તેમણે રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા મતચોરીના આક્ષેપોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

યાત્રાના બીજા હેતુ અંગે વાત કરતાં તેમણે ધાર્મિક સંસ્થાઓમાં પારદર્શિતા અને જવાબદારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. રામ મંદિર નિર્માણ માટે એકત્રિત કરવામાં આવેલા દાનના હિસાબ અંગે પણ તેમણે સવાલો કર્યા હતા. દિગ્વિજય સિંહે દાવો કર્યો હતો કે રામ મંદિર માટે રૂ.૧,૪૦૦ કરોડનું દાન એકત્રિત થયું હતું, જ્યારે મહંત લાલદાસે હિસાબ માગ્યો ત્યારે રૂ.૮.૨૯ કરોડનો જ હિસાબ આપવામાં આવ્યો હતો. આ આંકડાઓ અંગે તેમણે કરેલા દાવાની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે.દિગ્વિજય સિંહના આ નિવેદન બાદ સનાતન ધર્મ અને હિન્દુત્વ વચ્ચેના તફાવત અંગે રાજકીય ચર્ચા ફરી શરૂ થઈ છે. એક તરફ તેઓ સનાતન ધર્મને પ્રેમ, કરુણા અને વિશ્વબંધુત્વની ભાવના સાથે જોડે છે, તો બીજી તરફ હિન્દુત્વની વિચારધારા સામે વાંધો વ્યક્ત કરે છે. તેમની આ પદયાત્રામાં ધાર્મિક સંસ્થાઓની પારદર્શિતા, લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા જેવા મુદ્દાઓ પણ કેન્દ્રસ્થાને છે.

હવે બેઠકોની વિગતો પણ જાહેર થશે

ચૂંટણી પંચના કામકાજમાં મોટો બદલાવ કરવામાં આવ્યો

અધિકારીઓના વિદેશ પ્રવાસ માટે પૂર્વ મંજૂરી ફરજિયાત; SIR પ્રક્રિયાના ઓનલાઈન ફોર્મ-૬માંથી Annexure-D અલગ કરાયું

નવી દિલ્હી, તા.૫

ચૂંટણી પંચ (ECI) દ્વારા પોતાના આંતરિક કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ હવે ચૂંટણી પંચની બેઠકોના એજન્ડા અગાઉથી જાહેર કરવામાં આવશે, જ્યારે બેઠકોમાં થયેલી ચર્ચા અને લેવાયેલા નિર્ણયોની વિગતો એટલે કે મિનિટ્સ પણ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત પંચના અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં મંજૂરી લેવી પડશે. બીજી તરફ, મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન ફોર્મ-૬માં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચની કામગીરીમાં પારદર્શિતા લાવવાના હેતુથી હવે બેઠકોનો એજન્ડા અગાઉથી જાહેર કરવાની સાથે બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ અને કયા નિર્ણયો લેવામાં આવ્યા તેની વિગતો પણ જાહેર કરવામાં આવશે. અત્યાર સુધી આ પ્રકારની માહિતી જાહેર કરવાની નિયમિત વ્યવસ્થા નહોતી. નવા નિર્ણયથી ચૂંટણી પંચની કામગીરી અંગે લોકો વધુ સ્પષ્ટ માહિતી મેળવી શકશે.

નવા નિયમો અનુસાર ચૂંટણી પંચમાં કાર્યરત અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં પંચની પૂર્વમંજૂરી મેળવવી પડશે. આ ઉપરાંત કોઈ પણ નવા IT મોડ્યુલને સીધું પંચ સમક્ષ રજૂ કરી શકાશે નહીં. સૌપ્રથમ સંબંધિત અધિકારીઓની કમિટી તેની તપાસ કરશે અને મંજૂરી આપ્યા બાદ જ તેને ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવશે.

ચૂંટણી પંચે મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયામાં પણ મહત્ત્વનો ફેરફાર કર્યો છે. ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા અંતર્ગત નવા મતદારો માટેના ઓનલાઈન ફોર્મ-૬માંથી વધારાનું ડિક્લેરેશન એટલે કે Annexure-D અલગ કરવામાં આવ્યું છે. હવે ઓનલાઈન ફોર્મ-૬ ભરતી વખતે આ ડિક્લેરેશનનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે નહીં. તેના બદલે ડિક્લેરેશન માટે અલગથી ફોર્મ જાહેર કરવામાં આવ્યું છે. આ ફેરફારનો મુખ્ય હેતુ નવા મતદારોને નોંધણી પ્રક્રિયા દરમિયાન પડતી વધારાની મુશ્કેલીઓ ઘટાડવાનો અને ફોર્મ ભરવાની પ્રક્રિયા સરળ બનાવવાનો છે.

ચૂંટણી પંચના આંતરિક કામકાજમાં આ ફેરફારો અંગે ૨૬ સપ્ટેમ્બરે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તેમજ ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીની હાજરીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણયો મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ ફેરફારોને અમલમાં મૂકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી પંચના આ નવા નિયમોથી એક તરફ સંસ્થાની આંતરિક કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી વધશે, તો બીજી તરફ જૈંઈ હેઠળ નવા મતદારોની નોંધણી પ્રક્રિયા વધુ સરળ બનશે.

૨૩ વર્ષની ઐતિહાસિક સફરનો અંત

દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની આંતરરાષ્ટ્રીય ફૂટબોલને અલવિદા

પોર્ટુગલની નંબર-૭ જર્સી હવે નવી પેઢીને સોંપશે ૨૩૪ આંતરરાષ્ટ્રીય મેચમાં ૧૪૬ ગોલ સાથે વિદાય

નવી દિલ્હી, તા. ૫

વિશ્વ ફૂટબોલના દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરીને કરોડો ચાહકોને ભાવુક કરી દીધા છે. પોર્ટુગલના આ મહાન ખેલાડીએ ગુરુવારે સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ મારફતે પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સાથે જ પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમ સાથે જોડાયેલી તેમની ૨૩ વર્ષ લાંબી યાદગાર સફરનો અંત આવ્યો છે. ૪૧ વર્ષીય રોનાલ્ડો હવે પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમ તરફથી રમતા જોવા નહીં મળે.

ઓગસ્ટ ૨૦૦૩માં પોર્ટુગલ માટે આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરનાર રોનાલ્ડોએ દેશ માટે કુલ ૨૩૪ મેચ રમીને ૧૪૬ ગોલ ફટકાર્યા છે. પુરુષ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ મેચ રમવાનો અને સૌથી વધુ ગોલ કરવાનો વિશ્વવિક્રમ તેમના નામે છે. છ ફિફા વર્લ્ડ કપમાં ભાગ લેનારા રોનાલ્ડોએ વર્લ્ડ કપમાં કુલ ૨૭ મેચ રમીને ૧૧ ગોલ નોંધાવ્યા હતા.નિવૃત્તિની જાહેરાત કરતાં રોનાલ્ડોએ ભાવુક સંદેશમાં જણાવ્યું હતું કે હવે પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમની નંબર-૭ જર્સી પરત કરવાનો સમય આવી ગયો છે. છેલ્લા ૨૩ વર્ષથી આ જર્સી પહેરવી અને વિશ્વભરના સ્ટેડિયમોમાં પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરવું તેમના માટે ગૌરવની બાબત રહી છે. તેમણે કહ્યું કે આ જર્સી માત્ર તેમની જ નહોતી, પરંતુ હવે તેને ભવિષ્યની પેઢીને સોંપવાનો સમય આવી ગયો છે.

રોનાલ્ડોની આગેવાનીમાં પોર્ટુગલે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં મોટી સફળતાઓ મેળવી હતી. વર્ષ ૨૦૧૬માં પોર્ટુગલે પ્રથમ વખત યુરોપિયન ચેમ્પિયનશિપ એટલે કે યુરો કપનો ખિતાબ જીત્યો હતો. ત્યારબાદ ૨૦૧૯ અને ૨૦૨૫માં ઈહ્લછ નેશન્સ લીગની ટ્રોફી પણ પોતાના નામે કરી હતી. આ ત્રણેય સફળતાઓમાં રોનાલ્ડોનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું હતું. તાજેતરના સમયમાં પોર્ટુગલના કોચ જોર્જે જિસસ સાથે રોનાલ્ડોના સંબંધોમાં તણાવ સર્જાયો હતો. નેશન્સ લીગની એક મેચમાં મેદાન પર ઉતારવામાં ન આવતાં રોનાલ્ડો ટીમના કેમ્પમાંથી બહાર નીકળી ગયા હતા. આ ઘટનાને પગલે પોર્ટુગલ ફૂટબોલ ફેડરેશન દ્વારા તેમના પર દંડ અને ૩૦ દિવસનો પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. જોકે, નિવૃત્તિની જાહેરાતમાં તેમણે આ વિવાદને સીધું કારણ ગણાવ્યું નથી.

રોનાલ્ડોએ પોતાની લાંબી કારકિર્દીમાં અનેક વ્યક્તિગત અને ટીમ ખિતાબ જીત્યા, પરંતુ ફિફા વર્લ્ડ કપની ટ્રોફી જીતવાનું તેમનું સપનું અધૂરું રહી ગયું. છ વર્લ્ડ કપમાં રમવા છતાં પોર્ટુગલને આ સૌથી પ્રતિષ્ઠિત ટ્રોફી અપાવવામાં તેઓ સફળ થઈ શક્યા નહોતા. તેમ છતાં, આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં તેમના રેકોર્ડ અને યોગદાનને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે.

બંને ડેમને સંપૂર્ણ ભરવાનું આયોજન

રાજકોટના આજી-ન્યારી ડેમમાં નર્મદાના નીરની આવક શરૂ

ઉનાળાના સંભવિત જળસંકટને પહોંચી વળવા સૌની યોજના હેઠળ રોજ ૩૫ MCFT પાણીની આવક

રાજકોટ, તા.૫

આગામી ઉનાળામાં રાજકોટવાસીઓને પીવાના પાણીની અછતનો સામનો ન કરવો પડે તે માટે મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની સૌની યોજના અંતર્ગત આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાના નીરની આવક શરૂ કરવામાં આવી છે. બીજા તબક્કા હેઠળ બંને ડેમમાં દરરોજ કુલ ૩૫ મિલિયન ક્યુબિક ફીટ (MCFT) પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. બંને જળાશયોને તેમની સંપૂર્ણ સંગ્રહ ક્ષમતા સુધી ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેરની સતત વધી રહેલી વસ્તી અને પીવાના પાણીની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સૌની યોજના મારફતે આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં કુલ ૪,૦૦૦ MCFT નર્મદાનું પાણી ફાળવવાની માંગ કરવામાં આવી હતી. આ માંગને પગલે હાલ બીજા તબક્કામાં બંને ડેમમાં પાણી પહોંચાડવાની કામગીરી શરૂ થઈ છે. હાલની વ્યવસ્થા મુજબ આજી-૧ ડેમમાં દરરોજ ૨૦ MCFT અને ન્યારી-૧ ડેમમાં દરરોજ ૧૫ MCFT પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. આમ, બંને ડેમમાં મળીને રોજનું ૩૫ MCFT નર્મદાનું પાણી પહોંચશે. આ સતત આવકના કારણે આગામી દિવસોમાં બંને જળાશયોના જળસંગ્રહમાં નોંધપાત્ર વધારો થવાની આશા છે.

હાલના જળસંગ્રહના આંકડા મુજબ આજી-૧ ડેમની કુલ ક્ષમતા ૯૧૮ MCFT છે, જેની સામે હાલમાં ૪૩૫ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે ન્યારી-૧ ડેમની કુલ સંગ્રહ ક્ષમતા ૧,૨૪૮ MCFT છે, જેની સામે હાલ ૩૬૫ MCFT પાણી સંગ્રહિત છે. જળસ્તરની વાત કરીએ તો આજી-૧ ડેમમાં ૨૦.૫૭ ફૂટ અને ન્યારી-૧ ડેમમાં ૧૪.૨૭ ફૂટ જળસ્તર નોંધાયું છે. નર્મદાના નીરની સતત આવકથી બંને ડેમની જળસંગ્રહ ક્ષમતા વધારવામાં મદદ મળશે.

રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ નર્મદાના નીરના આગમનને આવકાર્યું હતું. મેયર ડૉ. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે રાજકોટના નાગરિકોને વર્ષભર પૂરતું પીવાનું પાણી મળી રહે અને ઉનાળાના દિવસોમાં પાણી વિતરણ વ્યવસ્થા પર વધારાનું દબાણ ન સર્જાય તે માટે જળસ્રોતોને મજબૂત બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પણ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા, પાણીનો બગાડ અટકાવવા અને જળસંરક્ષણની કામગીરીમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે. આમ, ઉનાળાની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમયસર શરૂ કરાયેલી નર્મદાના નીરની આવક રાજકોટ માટે રાહતરૂપ બની શકે છે. બંને ડેમ સંપૂર્ણ ભરાય તો આગામી ઉનાળામાં શહેરના પાણી પુરવઠા માટે મોટો આધાર મળી રહેશે.

અમદાવાદમાં CNGના ભાવમાં ફરી ભડકો

CNG ૧૦૦ને પાર, અદાણીએ ૧૪ દિવસમાં બીજીવાર ભાવ વધાર્યા

પ્રતિ કિલો રૂ. ૨.૩૦નો વધારો, નવા ભાવ રૂ. ૧૦૦.૭૭એ પહોંચ્યા, વાહનચાલકોને મોંઘવારીનો માર પડશે

નવી દિલ્હી, તા.૫

અમદાવાદીઓને દિવાળી પહેલા જ વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. અદાણીએ સીએનજીના ભાવમાં માત્ર ૧૪ દિવસના ગાળામાં જ બીજો મોટો વધારે ઝીંકી દીધો છે. આ વખતે સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ રૂ.૨.૩૦નો વધારો ઝીંકવામાં આવતા સીએનજીના નવા ભાવ રૂ.૧૦૦.૭૭ ને વટાવી ગયો છે.ઉલ્લેખનીય છે કે અગાઉ અદાણીએ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ એકઝાટકે ૪ રૂપિયાથી વધુનો વધારો ઝીંકતા સીએનજી પ્રતિ કિલોએ રૂ.૯૮.૪૭ એ પહોંચી ગયો હતો. આ સાથે તહેવાર ટાણે જ હવે લોકોના ખિસ્સા પર મોટી કાતર ફરશે. ટેક્સી-રિક્ષાના ભાડા આકાશ આંબી શકે છે.

વાહનચાલકોની સાથે સાથે મુસાફરોને પણ આ ભાવ વધારો નડશે એ નક્કી છે.અગાઉ ૧ ઓગસ્ટના રોજ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો વધારો થયો હતો. ત્યારબાદ ઓક્ટોબરમાં પણ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો એકઝાટકે વધારો કરાયો હતો અને હવે સીધો ૨.૩૦ રૂપિયાનો પ્રતિ કિલોએ વધારો આવતા ત્રણ મહિનામાં જ સીએનજીના ભાવ આકાશ આંબી ગયા છે અને ૧૦૦ને પાર જતા રહ્યા છે.

સમીક્ષા માટે બનાવશે ખાસ કમિટી

UGCના નવા નિયમો મુદ્દે કેન્દ્ર સરકારનો સુપ્રીમ કોર્ટમાં યુ-ટર્ન

સરકારે કોર્ટને જણાવ્યું છે કે નવા નિયમોની સમીક્ષા અને પુનર્વિચારણા કરવા માટે વિશેષ સમિતિની રચના કરાશે

નવી દિલ્હી, તા.૫

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના ૨૦૨૬ના નવા નિયમોને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં મોટું નિવેદન આપ્યું છે. સરકારે કોર્ટને જણાવ્યું છે કે નવા નિયમોની સમીક્ષા અને પુનર્વિચારણા કરવા માટે વિશેષ સમિતિની રચના કરવામાં આવશે. સરકારના આ નિર્ણયને UGCના વિવાદાસ્પદ નિયમો મામલે મહત્વપૂર્ણ વળાંક માનવામાં આવી રહ્યો છે.

ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચ સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા. તેમણે કોર્ટને જણાવ્યું કે સરકાર તમામ વિદ્યાર્થીઓનાં હિતોનું ધ્યાન રાખવા માંગે છે. કોઈપણ વિદ્યાર્થી કે સમુદાયને અન્યાય ન થાય અને કોઈ પોતાને અસુરક્ષિત ન અનુભવે તે માટે નવા નિયમોના તમામ પાસાઓની તપાસ કરવામાં આવશે.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે મહત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે કોઈપણ નિયમ બનાવતી વખતે તમામ વર્ગના વિદ્યાર્થીઓનાં હિતોનું રક્ષણ થવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશની યુવા પેઢીનું કલ્યાણ સર્વોપરી છે. કોઈપણ સમુદાયને અલગ-થલગ કે ભયભીત હોવાની લાગણી ન થવી જોઈએ. આ માટે સરકાર યોગ્ય અને મજબૂત પગલાં ભરે તે જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિગત ભેદભાવ રોકવા માટે UGC દ્વારા નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે, આ નિયમોની કેટલીક જોગવાઈઓ સામે સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. જાન્યુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટે પ્રાથમિક દૃષ્ટિએ નિયમોની કેટલીક જોગવાઈઓ અસ્પષ્ટ હોવાનું અને તેના દુરુપયોગની શક્યતા હોવાનું નોંધ્યું હતું. ત્યારબાદ કોર્ટે નવા નિયમોના અમલ પર વચગાળાનો સ્ટે મૂક્યો હતો.

સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશ મુજબ નવા નિયમો પર રોક હોવાથી હાલ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં [illegible]ના વર્ષ ૨૦૧૨ના જૂના નિયમો અમલમાં રહેશે. હવે કેન્દ્ર સરકાર દ્વારા રચાનારી વિશેષ સમિતિ નવા નિયમોની સમીક્ષા કરશે. ત્યારબાદ વિદ્યાર્થીઓના હિતો અને તમામ વર્ગોની ચિંતાઓને ધ્યાનમાં રાખીને આગળનો નિર્ણય લેવામાં આવશે. આ મામલે સમિતિની ભલામણો અને સરકારના આગામી નિર્ણય પર સૌની નજર રહેશે.

૨૦૨૭ની પરીક્ષા માટે ફીમાં પાંચ ટકાનો વધારો

બોર્ડ પરીક્ષા પહેલાં જ ફીનો બોજ વધ્યો, ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા મોંઘી

ધોરણ ૧૦ની ફીમાં રૂ.૨૦, ધોરણ ૧૨ સાયન્સમાં રૂ.૩૫ અને સામાન્ય પ્રવાહમાં રૂ.૩૦નો વધારો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૭માં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની ફીમાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સ્ટેશનરી સહિત પરીક્ષા સંલગ્ન વિવિધ ખર્ચમાં થયેલા વધારાને પગલે બોર્ડ દ્વારા નવું ફી માળખું જાહેર કરવામાં આવ્યું છે. નવા નિર્ણયથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પર પરીક્ષાના ખર્ચનું વધારાનું ભારણ પડશે. ધોરણ ૧૦ની પરીક્ષા ફીમાં રૂ.૨૦, જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં રૂ.૩૫ અને સામાન્ય પ્રવાહમાં રૂ.૩૦નો વધારો કરવામાં આવ્યો છે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નવા ફી માળખા મુજબ ધોરણ ૧૦ના નિયમિત વિદ્યાર્થીઓએ અગાઉ રૂ.૪૨૫ પરીક્ષા ફી ચૂકવવાની થતી હતી, જે વધારીને હવે રૂ.૪૪૫ કરવામાં આવી છે. જ્યારે રિપીટર અને ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓ માટે અગાઉની રૂ.૪૧૫ ફી વધારીને રૂ.૪૩૫ કરવામાં આવી છે. આમ, ધોરણ ૧૦ના તમામ સંબંધિત ઉમેદવારો માટે પરીક્ષા ફીમાં રૂ.૨૦નો વધારો થયો છે.

ધોરણ ૧૨ સાયન્સના નિયમિત વિદ્યાર્થીઓ માટે નવી પરીક્ષા ફી રૂ.૭૬૦ નક્કી કરવામાં આવી છે. આ પ્રવાહમાં અગાઉની સરખામણીએ રૂ.૩૫નો વધારો થયો છે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ફીમાં રૂ.૩૦નો વધારો કરવામાં આવ્યો છે. વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાઓ માટે પણ બોર્ડ દ્વારા નવું ફી માળખું જાહેર કરવામાં આવ્યું છે.

બોર્ડ દ્વારા ધોરણ ૧૦, સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ ૧૨ સાયન્સ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનાં આવેદનપત્રો ભરવાની ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. નિયમિત ફી સાથે વિદ્યાર્થીઓ ૩ ડિસેમ્બર સુધી આવેદનપત્ર ભરી શકશે. નિયમિત વિદ્યાર્થીઓ ઉપરાંત રિપીટર અને અન્ય તમામ ઉમેદવારોએ ફરજિયાત ઓનલાઈન માધ્યમથી જ પરીક્ષાનાં ફોર્મ ભરવાનાં રહેશે.

પરીક્ષા સંચાલન, સ્ટેશનરી અને અન્ય આનુષંગિક ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા પરીક્ષા ફીમાં સુધારો કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. જોકે, આગામી ફેબ્રુઆરીમાં બોર્ડની પરીક્ષા આપવાની તૈયારી કરી રહેલા લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે ફીમાં થયેલો આ વધારો વધારાનું આર્થિક ભારણ બની રહેશે. હવે વિદ્યાર્થીઓએ નવી ફી મુજબ સમયમર્યાદામાં ઓનલાઈન આવેદનપત્ર ભરી પરીક્ષા ફી જમા કરાવવાની રહેશે.

દેવભૂમિ દેવળીયા ખાતે ભ્રષ્ટાચાર વિરૂધ્ધ જાગૃતિ અને નૈતિક મુલ્યોનું સિંચન થાય તે હેતુ ગ્રામસભા યોજાઇ






સતર્કતા જાગૃતિ સપ્તાહ–૨૦૨૬ અંતર્ગત ભ્રષ્ટાચાર વિરોધી જનજાગૃતિ લાવવા તથા નાગરિકોમાં ભ્રષ્ટાચાર વિરૂદ્ધ જાગૃતિ અને નૈતિક મૂલ્યોનું સિંચન થાય તેવા ઉમદા હેતુથી અમરેલી એ. સી. બી. પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા દેવભૂમિ દેવળીયા ગામે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ગ્રામ સભામાં એ.સી.બી પી.આઈ જે.એચ ચૌધરી એ.એસ.આઈ ભગીરથસિહ વાળા હે. કો. નિલેશભાઈ પરમાર હેકો. જયશ્રીબા પરમાર અમરેલી તાલુકા પંચાયત સદસ્ય ભાવનાબેન નાથાલાલ સુખડીયા સરપંચ ધર્મિષ્ઠાબેન સોલડીયા સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા ગામનાં આગેવાનો તથા ગ્રામજનોને ભ્રષ્ટાચાર નિવારણ, લાંચ લેવી તથા આપવી એ કાયદેસર ગુનો છે, લાંચ સંબંધિત ફરિયાદ કયાં અને કેવી રીતે કરવી, એસીબીની કામગીરી તથા નાગરિકોના અધિકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં, ભ્રષ્ટાચાર મુક્ત સમાજના નિર્માણમાં દરેક નાગરિકની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું જણાવી ભ્રષ્ટાચાર સામે જાગૃત અને નિર્ભય બની અવાજ ઉઠાવવા અપીલ કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

વીજ માળખાનાં આધુનિકીકરણ માટે

શહેરના ૦૩ નવા ૧૧ કે.વી. અર્બન ફીડરોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવા ફીડરો કાર્યરત થવાથી અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી–૨ હેઠળના આશરે ૨૧,૦૦૦ ગ્રાહકો પૈકી ૭,૦૦૦ ગ્રાહકોને નિયમિત, સુરક્ષિત અને અવિરત વીજ પુરવઠાનો લાભ મળશે. આ પ્રસંગે ઊર્જા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે 'સંવાદ સેતુ' કાર્યક્રમ પણ યોજાયોહતો.

સમારોહને સંબોધતા ઊર્જા રાજયમંત્રીએ અમરેલી વિધાનસભા ક્ષેત્ર માટે મહવપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, અમરેલી શહેર સહિત સમગ્ર વિસ્તારના વીજ માળખાને આધુનિક બનાવવા રાજય સરકાર દ્વારા આશરે રૂા. ૧,૦૦૦ કરોડનું માતબર પેકેજ મંજૂર કરવાની પ્રક્રિયા આખરી તબક્કામાં છે. આ પ્રોજેકટ અંતર્ગત ખેતીવાડી, જ્યોતિગ્રામ યોજના સહિત સમગ્ર અમરેલી શહેરના વીજ વાયરો બદલીને એમ.વી.સી.સી. કેબલિંગ તેમજ અંડરગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતાં અમરેલીના નાગરિકોને મેગા સિટી જેવી આધુનિક, ગુણવત્તાયુકત અને અવિરત વીજ સુવિધા ઉપલબ્ધ બનશે.

આ કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે મંત્રીએ સંબંધિત અધિકારીઓને આગોતરૂં આયોજન કરવા અને રિવર્સ ટાઈમટેબલ તૈયાર કરીને કામગીરી ઝડપથી આગળ વધારવા તાકીદ કરી હતી. તેમણે અમરેલી જિલ્લામાં ઊર્જા વિભાગની કચેરીઓ પણ આધુનિક અને મોડેલ બને તે દિશામાં શ્રેષ્ઠ આયોજન કરવા સૂચન કર્યું હતું.

મંત્રીએ ઉનાળો, ચોમાસું કે શિયાળો હોય કે પછી તહેવારોના દિવસો, દરેક પરિસ્થિતિમાં પોતાના પરિવારથી દૂર રહીને પ્રજાજનોની સેવા માટે ૨૪ કલાક ખડેપગે ફરજ બજાવતા પીજીવીસીએલના લાઈન સ્ટાફ અને કર્મચારીઓની સમર્પિત કામગીરીની મુકતકંઠે પ્રશંસા કરી હતી અને તેમને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં રાજય સરકાર વીજ ગ્રાહકોની સમસ્યાઓના ત્વરિત નિરાકરણ માટે સતત કટિબદ્ધ છે.

મંત્રીના હસ્તે બકેટ હાઈડ્રો લેડર વાહનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવાયું હતું. જેના લીધે વીજળીની લાઈન ટ્રીપ થવાના સંજોગોમાં ઝડપ આવશે.

આ લોકાર્પણ સમારોહમાં નગરપાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષ મૌલિકભાઈ દોશી, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, અગ્રણીઓ રાજુભાઈ ભૂતૈયા, મેહુલભાઈ ધોરાજીયા, નિકુલભાઈ માંડણકા, જીતુભાઈ ડેર, પીજીવીસીએલ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર ડામોર, જેટકો કચેરીના અધિક્ષક ઈજનેર કે.જે. કુબાવત, અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી–૨ના કાર્યપાલક ઈજનેર કડછા, અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી–૧ના કાર્યપાલક ઈજનેર નાગર, નગરસેવકો, પદાધિકારીઓ, પીજીવીસીએલના ઈજનેરો અને વિશાળ સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને વ્યવસ્થા પી.જી.વી.સી.એલ. અમરેલી વર્તુળ કચેરી દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીમાં ''દિપોત્સવી પર્વ''નો

મેઈન રોડ, કંસારા બજાર અને લાઈબ્રેરી રોડ સહિતના વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. અમરેલી શહેર ઉપરાંત આસપાસનાં ગામડામાંથી પણ લોકો પરિવાર સાથે ખરીદી કરવા અમરેલી આવી રહ્યા છે. સવારથી મોડી સાંજ સુધી બજારોમાં લોકોની ચહલપહલ જોવા મળી રહી છે.

દિવાળીના પર્વમાં ફટાકડાનું વિશેષ મહત્વ હોવાથી શહેરમાં વિવિધ સ્થળોએ ફટાકડાના વેચાણ માટે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. જો કે, હાલ ફટાકડાના વેપારમાં અપેક્ષા મુજબની તેજી જોવા મળી રહી નથી. વેપારીઓના મતે દિવાળીના દિવસો નજીક આવતાં જ ફટાકડાની ખરીદીમાં વધારો થશે અને છેલ્લાં દિવસોમાં બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળશે. મીઠાઈ, કપડાં અને ઘર સજાવટની ચીજવસ્તુઓના વેપારીઓ પણ તહેવારની ખરીદીમાં તેજી આવવાની આશા રાખી રહ્યા છે.

અમરેલી શહેરની બજારો માત્ર શહેરના નાગરિકો પૂરતી સીમિત નથી, પરંતુ આસપાસનાં ગામના લોકો માટે પણ ખરીદીનું મહવનું કેન્દ્ર છે. દિવાળીના પર્વ દરમિયાન ગ્રામ્ય વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં અમરેલીની બજારોમાં ખરીદી માટે ઉમટી પડે છે. કપડાં, મીઠાઈ, ફટાકડા, ઘર વપરાશની વસ્તુઓ અને તહેવારને લગતી ચીજવસ્તુઓની ખરીદીથી નાના–મોટા વેપારીઓને રોજગારીઅને વેપારની તક મળે છે.

દિવાળીના તહેવારો દરમિયાન શહેરના બજારમાં કરોડો રૂપિયાથી વધુની રકમનો વેપાર થવાની શકયતા વ્યકત થઈ રહી છે, જેનાથી સ્થાનિક વેપાર–ધંધાને પણ વેગ મળ વાની આશા છે.

આજે એકાદશીથી દીપાવલી પર્વની તહેવાર શૃંખલાનો પ્રારંભ થતાં આગામી દિવસોમાં બજારોમાં ખરીદીનો માહોલ વધુ રંગીન બનવાની શકયતા છે. વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈ રહ્યા છે, તો ગ્રાહકો પણ દિવાળીની તૈયારીઓને આખરી ઓપ આપવા બજારો તરફ વળી રહ્યા છે. આમ, દીવડાંની રોશની સાથે અમરેલીનાં બજારોમાં વેપારની આશાઓ પણ ઝળહળી ઊઠી છે અને દિવાળીના પર્વે શહેરની બજારોમાં કરોડો રૂપિયાની આર્થિક પ્રવૃત્તિઓનો માહોલ સર્જાવાની તૈયારી છે.

રંગોળીના રંગોથી લઈ મીઠાઈ સુધીની ખરીદીનો રંગ

દિવાળીના પર્વને અનુલક્ષીને બજારોમાં વિવિધ પ્રકારની ચીજવસ્તુઓના વેચાણ માટે વેપારીઓએ વિશેષ વ્યવસ્થા કરી છે. ઘરઆંગણે રંગોળી પૂરવા માટેના રંગો, આકર્ષક તોરણ, લાઈટિંગ, દીવડા, પૂજાપાઠની સામગ્રી, ઘરની સજાવટનાં સાધનો, નવાં કપડાં, મીઠાઈ અને ફટાકડાના સ્ટોલ ગ્રાહકોને આકર્ષી રહ્યા છે. ખાસ કરીને દિવાળીમાં ઘર સજાવટ અને રંગોળી માટેની ચીજવસ્તુની ખરીદીનો માહોલ જામ્યો છે. વેપારીઓએ પણ તહેવારને ધ્યાનમાં રાખીને વિવિધ રેન્જની વસ્તુઓ ઉપલબ્ધ કરાવી છે.

ટ્રાફિકના ધસારાને પગલે ટાવર અને હરિ રોડ વન–વે

દિવાળીની ખરીદી માટે લોકો મોટી સંખ્યામાં બજારમાં પહોંચતા હોવાથી શહેરના મુખ્ય માર્ગો ઉપર વાહનોની અવરજવર વધી છે. ખાસ કરીને ટાવર રોડ અને હરિ રોડ હવેલી ચોક ઉપર ખરીદી માટે આવતા લોકો તથા વાહનોના ધસારાને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાવા લાગી છે. તહેવારના દિવસોમાં વાહન વ્યવહાર સુગમ રહે અને બજાર વિસ્તારમાં અવરજવર સરળ બને તે માટે અમરેલી પોલીસ દ્વારા ટાવર રોડ અને હરિ રોડ સહિતના માર્ગો ઉપર વન–વે વાહન વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ છતાં ખરીદીનો ધસારો વધતાં બજાર વિસ્તારમાં વાહનોની ભીડ જોવા મળી રહી છે.

તા. ૮ થી ૧૦ નવેમ્બર સુધી અમરેલી ખાતે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા મળી શકશે નહીં

તેઓ પારિવારિક કાર્યને લીધે સુરત મુકામે રહેશે



અમરેલી, તા. ૫

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની લાડલી પૌત્રી રિયા પિયુષભાઈ કાછડીયા ઉચ્ચ અભ્યાસ અર્થે સ્વિટઝર્લન્ડ જઈ રહેલ હોવાથી તેઓ આગામી તા. ૮/૧૧/૨૬ને રવિવાર દિવાળીના દિવસથી ૧૦/૧૧/૨૦૨૬ને મંગળવાર નૂતન વર્ષના દિવસ સુધી સુરત મુકામે હોવાથી અમરેલી ખાતે મળી શકશે નહીં. જે બાબતે સે આગેવાનો, કાર્યકર્તાઓ, સ્નેહીજનો અને લોકોને જાણ થવા વિનંતી છે. તેમજ તા. ૧૧/૧૧/૨૬થી પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા દિપાવલી અને નૂતનવર્ષની શુભેચ્છા માટે અમરેલી ખાતે મળી રહશે તેવું પૂર્વ સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

દિવાળીના દિવસોમાં ખુશી છવાઈ બાબરા : પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી મળી

મિત્રોએ અભિનંદન પાઠવ્યા



બાબરા, તા. ૫

બાબરા પોલીસ સ્ટેશનના ડી–સ્ટાફમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ રાજભા વાઘેલાને તેમની ફરજ અને સેવાકીય કામગીરી દરમિયાન હવે આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (એએસઆઈ) તરીકે બઢતી મળતા બાબરા પોલીસ બેડામાં ખુશીની લાગણી પ્રસરી છે.

રાજભા વાઘેલાને હેડ કોન્સ્ટેબલમાંથી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર તરીકે પ્રમોશન મળતા બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. સહિત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વડલીવાળી મેલડીમાના ઉપાસક રાજુભાઈ જેઠવા સહિત સ્થાનિક પત્રકારો, વેપારી અગ્રણીઓ, સામાજિક કાર્યકરો તેમજ રાજકીય આગેવાનો દ્વારા પણ રાજભા વાઘેલાની આ સિદ્ધિ બદલ ખુશી વ્યકત કરી તેમને ફૂલહાર અને શુભેચ્છાઓ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોલીસ વિભાગમાં મળતી બઢતી એ ફરજ પ્રત્યેની નિષ્ઠા, જવાબદારી અને સેવાકીય સફરમાં આગળ વધવાનું પ્રતીક છે. રાજભા વાઘેલાને મળેલી આ બઢતીથી તેમના પરિવારજનો, મિત્રો અને શુભેચ્છકોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે. ઉપસ્થિત સેએ તેમને નવી જવાબદારી સફળતાપૂર્વક નિભાવવા અને પોલીસ વિભાગમાં વધુ પ્રતિષ્ઠા સાથે પ્રગતિના નવા શિખરો સર કરવા હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીનાં કેરિયા રોડ ઉપર

સર્વેલન્સ ટીમ ધ્વારા મળેલ ચોકકસ બાતમી આધારે અમરેલી કેરીયા રોડ, કલરવ હોસ્પિટલની પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા અમરેલીમાં રહેતા ધર્મેશભાઈ જયંતીભાઈ બુધેલીયા, હસુભાઈ પુનાભાઈ સોલંકી, મહેશભાઈ હિંમતભાઈ ગોંડલીયા, મહેશદાસ વલ્લભદાસ દાણીધારીયા તથા માંગવાપાળ ગામે રહેતા રાજુભાઈ ગોકળભાઈ મુંધવા સહિત કુલ ૫ ઈસમોને કુલ રોકડ રૂપિયા ૧૨,૬૯૦નાં મુદામાલ સાથે પકડી પાડી અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા મુજબની કાર્યવાહીહાથ ધરેલછે.

પાના ૧ ઉપરનું ચાલું

લેન્ડ ગ્રેબિંગ એકટની ફરિયાદ

પદમાણી (રહે. બાંભણીયા)એ આ આધેડ તથા તેમના ભાઈની ઉપરના સર્વે નંબરોમાંથી હે. ૦,૯૮,૦૯ ચો.મી.ની કિંમત રૂપિયા ૫,૩૯,૪૯પની ખેતીની જમીનનો તા. ૨૩/૭/૨૫ થી આજદીન સુધી ગેરકાયદેસર રીતે કબ્જો કરી પચાવી પાડી તેમાં ખેતીનો પાક લઈ આર્થીક લાભ મેળવી ગુન્હો કરતા આ અંગે આધેડ દ્વારા આરોપી વસંતભાઈ કાળાભાઈ પદમાણી (રહે. બાંભણીયા) સામે ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહીબીશન) એકટ–૨૦૨૦ની કલમ–૪(૩), ૫(ગ) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમાં જીવલેણ હુમલો કરવાનાં

૩૩૨(બી), ૩૫૨, ૩૫૧(૩), ૧૨૫(એ), ૩(૫), ૫૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબનો ગત તા. ૨૨/૧૦/૨૬થી ગુન્હો નોંધાયેલ હતો.

અમરેલીનાં રોકડીયાપરા, શનીદેવ મંદિરવાળી શેરીમાં રહેતા આરોપી જય ઉર્ફે કાળુ કિશોરભાઈ તલસાણીયાએ તેજ વિસ્તારમાં રહેતા બાલુભાઈ ગીગાભાઈ મેર ૫૬ વર્ષિય આધેડને ગત તા. ૨૨/૧૦/૨૬નાં રોજ માથામાં પાઈપ તથા છરી વડે માથાનાં ભાગે આડેધડ ઘા મારી તેમજ ઈંટનો છુટ્ટો ઘા મારી ઈજા કરેલ હતી. તેમજ આધેડની ભાણેજને છુટ્ટો ઈંટનો ઘા મારી ઈજા કરેલ હોય જે ગુન્હામાં આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા ફરતા હતો.

જે ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડવા અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પે. આર.આર.પરમારનાં માર્ગદર્શન હેઠળ અમરેલી સિટી પોલીસ ટીમ દ્વારા આ ગુનાનાં આરોપી જય ઉર્ફે કાળુ કિશોરભાઈ તલસાણીયાને શોધી કાઢી આરોપી પાસેથી ગુન્હો કરતી વખતે ઉપયોગમાં લીધેલ હથીયાર કબ્જે કરી આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

મે.અમરેલીના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબ(સી.ડી)ની કોર્ટમાં મું.અમરેલી

અરજદાર : ડો. અર્પણભાઈ પંકજભાઈ જાની

:: વિરૂધ્ધ ::

સામાવાળા : (જાહેર કેવીએટ)

–: જાહેર નોટીસ :–

આ કામના અમો અરજદાર નેત્ર ચિકિત્સા ટ્રસ્ટના C.E.O. તરીકે ફરજ બજાવીએ છીએ. અને અમારી સંસ્થાએ અમરેલી જિલ્લા અંધજન પ્રગતિ મંડળ પાસેથી અમરેલી સુધરાઈ હદમાં ચિતલ રોડ ઉપર સીટી સર્વે નં. 2623 કે જેના રે.સ.નં. 54 P અને 1164 P બિનખેતી થયેલ જમીન કે જેનું અંદાજીત ક્ષેત્રફળ 10200-00 ચો.મી. તથા જુના બાંધકામ સાથે 104275-00 ચો.ફુટ વાળી જમીન કે જે અમારી સંસ્થાએ સંયુકત ચેરીટી કમિશ્નર ભાવનગરનાએ અરજી નં.36/03/2026 ના લગત કરેલ હુકમની વિગતે અમોએ સબ રજીસ્ટ્રાર કચેરી, અમરેલીમાં ભાડા કરાર યાને ભાડા ચિઠ્ઠીનું રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરી, અમરેલી ખાતે 3870/2026 થી કરાવેલ હતું. તે કરારની વિગતે અમારી સંસ્થા ઉપરોકત વર્ણન વાળી મિલ્કતના કાયદેસરના ભાડુઆત છે અને જે ભાડાપટ્ટો હાલ ચાલુ છે અને ઉપરોકત ભાડા કરાર પણ હાલ અસ્તીત્વમાં છે.

હાલ કોઈપણ ઈસમ કે વિઘ્નસંતોષી લોકો અમારી ઉપરોકત વર્ણન વાળી મિલ્કતમાં અમારી સંસ્થાને કબ્જો ભોગવટો કરતા કે આ મિલ્કત પર જરૂર જણાયે બાંધકામ કરતા અટકાવવા માટે કોઈપણ ઈસમ આપ નામ.કોર્ટ સમક્ષ દાવો દાખલ કરી મનાઈ હુકમ માંગે અને અમારૂ કામ તેવી રીતે ખોરંભે પાડે તેવી શકયતાઓ રહેલી હોય જેથી આ કામે કોઈપણ ઈસમ આપ નામ.કોર્ટ સમક્ષ દાવો દાખલ કરી ઉપરોકત વિગત વાળી મિલ્કત સંદર્ભે દાવો દાખલ કરી એક તરફથી મનાઈ હુકમ માંગે તો તેવા સંજોગો અમોને સાંભળી અને ત્યારબાદ નામ.કોર્ટ ને યોગ્ય લાગે તેવો હરકોઈ હુકમ કરવા મહેરબાની થશે તે મતલબની જાહેર કેવીએટ અરજ નામ.કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

હરનીલ ત્રિવેદી
અરજદાર/કેવીએટરના એડવોકેટ

સ્થળ :– અમરેલી
તારીખ : ૦૫/૧૧/૨૦૨૬

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૩	૧૮૭૬
૨	કપાસ જુનો	૧૦૦૦	૧૦૦૦

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૯૧૦	૧૪૪૦
૨	ગિરનાર શીંગ	૧૦૯૫	૧૬૦૫
૩	શિંગ મોટી	૧૦૫૦	૧૫૬૫
૪	શિંગદાણા ફાડા	૧૨૬૦	૧૮૦૦
૫	તલ સફેદ	૨૩૨૫	૪૧૦૫
૬	તલ કાળા	૨૫૦૦	૪૧૬૦
૭	તલ કાશ્મીરી	૨૮૩૦	૩૦૨૦
૮	બાજરો	૪૦૦	૬૫૦
૯	જુવાર	૪૬૫	૧૬૧૦
૧૦	ઘઉં ટુકડા	૫૦૦	૭૦૦
૧૧	ઘઉં લોકવન	૫૫૦	૬૩૫
૧૨	મકાઈ	૪૫૦	૬૩૫
૧૩	મગ	૧૩૩૦	૧૪૫૫
૧૪	અડદ	૧૧૦૦	૧૮૦૦
૧૫	ચણા	૧૦૦૦	૧૪૬૦
૧૬	ચણા દેશી	૧૪૬૫	૧૪૬૫
૧૭	સફેદ ચણા	૯૭૫	૧૪૦૦
૧૮	તુવેર	૧૦૦૦	૧૮૬૦
૧૯	કપાસ	૧૩૦૦	૧૬૦૫
૨૦	એરંડા	૧૦૦૦	૧૫૬૫
૨૧	જીરૂ	૧૮૦૦	૫૧૦૦
૨૨	રાયડો	૧૫૦૦	૧૫૬૦
૨૩	ધાણી	૨૫૦૦	૩૪૦૦
૨૪	મેથી	૧૩૦૦	૧૪૦૫
૨૫	સોયાબીન	૯૬૦	૧૪૨૫

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૧	૧૯૧૦
૨	કપાસ મીડીયમ	૧૭૧૦	૧૭૬૦
૩	મગફળી	૧૩૨૧	૧૫૨૧
૪	તલ કાળા	૩૨૩૦	૩૮૦૦
૫	જીરૂ	૪૬૮૦	૫૪૦૦
૬	ચણા	૧૩૬૦	૧૪૩૦
૭	ઘઉં	૫૭૭	૭૦૧
૮	અડદ	૧૭૧૦	૧૮૦૫
૯	મગ	૧૬૧૦	૧૬૪૦
૧૦	સોયાબીન	૧૩૬૫	૧૩૬૭

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૩૭	૧૮૮૭
૨	ઘઉં લોકવન	૫૦૦	૬૩૪
૩	મગફળી	૧૧૦૦	૧૩૬૦
૪	ચણા	૧૩૦૦	૧૪૧૭
૫	લસણ	૧૩૨૦	૨૦૬૫
૬	અળસી	૧૩૦૦	૧૩૦૦
૭	સોયાબીન	૮૦૦	૧૩૨૫
૮	તુવેર	૮૦૦	૧૩૯૫
૯	અડદ	૧૭૨૫	૧૭૨૫
૧૦	તલ સફેદ	૨૫૦૦	૩૪૦૦
૧૧	તલ કાળા	૩૩૪૦	૪૦૦૦
૧૨	ચણા સફેદ	૧૩૧૦	૧૩૧૦
૧૩	ધાણા	૨૭૮૦	૨૯૪૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૭૧	૧૮૬૦
૨	મગફળી	૧૨૬૧	૧૩૫૧
૩	જુવાર સફેદ	૧૪૦૦	૧૬૦૦
૪	તલ કાળા	૩૮૦૦	૩૯૦૦
૫	સોયાબીન	૧૨૮૧	૧૩૧૪

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૦૦૦	૧૫૧૧
૨	તલ સફેદ	૩૦૦૦	૩૧૭૬
૩	તલ કાળા	૩૫૦૦	૪૦૦૦
૪	કપાસ	૧૭૨૫	૧૮૪૫
૫	બાજરો	૪૭૦	૬૫૫
૬	ઘઉં ટુકડા	૫૦૦	૭૩૧
૭	જુવાર	૭૦૦	૧૮૮૦
૮	મકાઈ	૬૫૦	૬૫૦
૯	મગ	૧૭૫૦	૧૭૫૦
૧૦	અડદ	૧૬૫૦	૧૮૭૦
૧૧	તુવેર	૧૨૦૦	૧૨૦૦
૧૨	ચણા	૧૨૦૦	૧૫૫૦
૧૩	સોયાબીન	૯૫૧	૧૩૬૫

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૨૦૧	૧૮૬૬
૨	મગફળી	૯૦૦	૧૫૬૦
૩	ઘઉં	૫૫૫	૬૦૦
૪	ચણા	૯૦૦	૧૪૫૧
૫	ધાણા	૨૯૦૦	૩૦૧૦
૬	અજમા	૧૫૫૦	૧૫૫૦
૭	મકાઈ	૬૧૦	૬૧૦
૮	કલોંજી	૨૬૫૦	૪૭૫૧
૯	સોયાબીન	૧૨૮૦	૧૩૧૧
૧૦	એરંડા	૧૪૪૦	૧૪૪૦

અમરેલીમાં ઉર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઇ વેકરિયાના હસ્તે પી.જી.વી.સી.એલની નવી પેટા વિભાગીય કચેરી રૂરલ-૦૨નું લોકાર્પણ







અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારના વીજ ગ્રાહકોને વધુ સુદ્રઢ અને સુલભ વીજ સેવાઓ પૂરી પાડવાના હેતુથી પી.જી.વી. સી.એલ અમરેલી વર્તુળ કચેરી હેઠળની નવી પેટા વિભાગીય કચેરી અમરેલી રૂરલ–૦૨ સબ ડિવિઝનનું લોકર્પણ ઉર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે શહેરના જેસીંગપુરા વિસ્તાર ખાતે થયું હતું. આ નવી કચેરીના કાર્યરત થવાથી ૧૫ હજારથી વધુ વીજ ગ્રાહકો અને ૨૦ જેટલા ગામોના નાગરિકોનેવીજ સેવાઓનો વધુ સરળ તાથી લાભ મળશે. નવી પેટા વિભાગીય કચેરીના માધ્યમથી વીજ ગ્રાહકોને વીજ પુરવઠા સંબંધિત પ્રશ્નો, ફરિયાદો અને અન્ય સેવાઓ માટે સ્થાનિક સ્તરે સુવિધા ઉપલબ્ધ બનશે. આ કચેરીના લોકાર્પણથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ સેવાઓની પહોંચ અને કાર્યક્ષમતામાં વધારો થશે. આ પ્રસંગે મંત્રીએ પી.જી.વી. સી.એલના કર્મચારીઓ તથા ગ્રાહકોને શુભકામનાઓ પાઠવી હતી. અને ગ્રાહકોને કોઈપણ પ્રકારે વીજ વિક્ષેપ ન થાય તેવી રીતે ઝડપથી સેવાઓ પૂરી પાડવા માટે સુચના આપી હતી. આ પ્રસંગે વીજળીની લાઈનના ટ્રિપથઈ જવાના કિસ્સાઓમાં સત્વરે નિરાકરણ લાવી શકાય તે માટે ઉપયોગી બકેટ હાઈડ્રો લેડર વ્હીકલનું મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલી બહેન માંગરોળીયા, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, અગ્રણી નિકુલભાઈ માંડણકા, મધુભાઈ હરખાણી, વિજયભાઈ ચોટલીયા, નગરપાલિકાના સભ્યો, પી.જી.વી. સી.એલ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર ડામોર, અમરેલી વિભાગીય કચેરી–૧ના કાર્યપાલક ઈજનેર નાગર, અમરેલી રૂરલ– ૯૨ સબ ડિવિઝનના નાયબ ઈજનેર એમ.બી. ઠાકર, જેસીંગપરાના સ્થાનિક રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

નાગધ્રાની ઘટના બાદ બીજી ઘટના

ધારીનાં દેવળા ગામની સીમમાં બાળકી ઉપર દીપડાએ હુમલો કરતા ફફડાટ

વનવિભાગ રાની પશુઓની કાળજી લેવામાં નિષ્ફળ



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડાનો આતંક સતત વધી રહ્યો છે. અવારનવાર માનવી ઉપર હુમલાઓનીઘટના સામેઆવી રહીછે. ધારીનાં નાગધ્રા ગામે ૨ દિવસ પહેલા દીપડાએ હુમલો કર્યા બાદ દેવળા ગામની સીમમાં વાડીમાં કપાસ ઉતારવાનું કામ કરતી બાળકી ઉપર દીપડાએ હુમલો કરતાં બાળકીને ધારી બાદ અમરેલી ખાતે સારવારમાં ખસેડાયેલ છે.

ધનતેરસનાં પાવન પર્વે

બાબરા ખાતે વડલીવાળી મેલડીમાંનાં ધામે માતાજીનો માંડવો અને બેઠક યોજાશે

ડાક-ડમરૂનાં નાદ સાથે મેલડીમાંનાં ગુણગાનથી ભક્તિમય બનશે વાતાવરણ

બાબરા, તા. ૫

બાબરા શહેરમાં આસ્થાનાં પ્રતીક સમાન વડલીવાળી મેલડીમાં ધામ ખાતે આગામી તા. ૬ નવેમ્બર, શુક્રવારનાં રોજ ધનતેરસનાં પવિત્ર અને મંગલમય પર્વ નિમિત્તે ભવ્ય માતાજીનો માંડવો તથા બેઠકનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મેલડીમાંનાં ગુણગાન, ભક્તિ અને આરાધનાથી સમગ્ર વાતાવરણ માતાજીની ભક્તિનાં રંગે રંગાઈ જશે.

વડલીવાળી મેલડીમાંનાં પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાનાં આયોજન હેઠળ યોજાનારા આ ધાર્મિક કાર્યક્રમમાં હિતેશભાઈ રાવલદેવ તથા વિજયભાઈ રાવલદેવ ડાક–ડમરૂનાં નાદ સાથે મેલડીમાંનાં ભક્તિભર્યા ગુણગાન ગાઈ ભક્તજનોને માતાજીની ભક્તિમાં લીન કરશે.

તા. ૬ નવેમ્બર, ૨૦૨૬નાં રોજ રાત્રે ૯ કલાકે માતાજીનાં ભવ્ય માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે સાંજે ૭ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આ પાવન અવસરે વડલીવાળી મેલડીમાંનાં પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાએ તમામ ધર્મપ્રેમી જનતા, માતાજીનાં ભક્તો અને સેવકોને ભાવભર્યું આમંત્રણ પાઠવતાં સાંજે ૭ કલાકે મહાપ્રસાદનો તથા રાત્રે માતાજીનાં ભવ્ય માંડવા અને બેઠકનો લાભ લેવા ભાવભર્યો અનુરોધ કર્યો છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ચેમ્બરનાં પૂર્વ પ્રમુખ સુરક્ષા વ્યવસ્થા સામે ઉઠાવ્યા સવાલો

લ્યોબોલો : લીલીયાનાં સરદાર ચોકમાં તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી લગાવેલા ચાર સીસીટીવી કેમેરા ગાયબ !

એક મહિના પહેલાં કેમેરા ગાયબ થયાની ચર્ચા, ગ્રામ પંચાયત પાસે પણ નથી માહિતી !



લીલીયા, તા. ૫

લીલીયા મોટા શહેરનાં લાઠી રોડ પર આવેલો સરદાર ચોક શહેરનો અત્યંત વ્યસ્ત અને મહત્વપૂર્ણ વિસ્તાર ગણાય છે. દિવસ–રાત વાહનોની અવરજવર અને લોકોની સતત ચહલપહલ રહેતા આ વિસ્તારમાં જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી ચાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જાહેર નાણાંમાંથી લગાવવામાં આવેલા આ ચારેય કેમેરા હાલ સ્થળ પરથી ગાયબ થઈ જતાં સમગ્ર મામલો લીલીયામાં ચર્ચાનો વિષય બન્યો છે. આ સમગ્ર મામલે ચેમ્બર ઓફ કોમર્સનાં માજી પ્રમુખ અરજણભાઈ ધામતે જાહેર સુરક્ષા વ્યવસ્થા અને જવાબદાર તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા મુજબ સરદાર ચોકમાંથી ગાયબ થયેલા ચાર સીસીટીવી કેમેરા આશરે એક મહિના પહેલાં જ ગાયબ થયા હોવાની વાત સામે આવી રહી છે. પરંતુ આ કેમેરા કયારે ઉતારવામાં આવ્યા અને કોણ ઉતારી ગયું તેની માહિતી ગ્રામ પંચાયત પાસે પણ નથી. ત્યારે જાહેર નાણાંમાંથી લગાવવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા જ ગાયબ થઈ જાય અને જવાબદાર તંત્ર પાસે તેની કોઈ માહિતી ન હોય તે ગંભીર બાબત છે. સરદાર ચોક ખાતે રાત્રિનાં સમયે સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે હોમગાર્ડ પણ મૂકવામાં આવે છે. તેમ છતાં આ સ્થળ લગાવવામાં આવેલા ચાર સીસીટીવી કેમેરા કયારે અને કોણ ઉતારી ગયું તેની કોઈ જાણકારી ન હોવાની બાબત અનેક સવાલો ઊભા કરે છે. રાત્રિનાં સમયે હોમગાર્ડની હાજરી હોવા છતાં જાહેર સ્થળ પરથી કેમેરા ગાયબ થઈ જાય તો આ સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા સામે પણ સવાલ ઊભો થાય છે.વધુ ચોંકાવનારી બાબત એ છે કે સરદાર ચોક પોલીસ ચોકીથી માત્ર ૧૦૦ મીટરનાં અંતરે આવેલો છે. પોલીસ ચોકીથી આટલા નજીકનાં અંતરે જાહેર સ્થળ પર લગાવવામાં આવેલા ચાર સીસીટીવી કેમેરા ગાયબ થઈ જાય અને કોણે ઉતાર્યા તેની કોઈને જાણ ન હોય તે બાબત સ્થાનિકોમાં આશ્ચર્ય અને ચર્ચાનો વિષય બની છે. લીલીયામાં જાહેર સુરક્ષા વ્યવસ્થાને લઈને હવે વધુ ચિંતાજનક બાબત સામે આવી રહી છે. સરદાર ચોકમાંથી ચાર સીસીટીવી કેમેરા ગાયબ થવાની ઘટના વચ્ચે શહેરનાં બાયપાસ ચાર રસ્તા સહિત અન્ય મહત્વપૂર્ણ ચોકડી અને રસ્તાઓ પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા પણ બંધ હાલતમાં હોવાની ચર્ચા ઊઠી છે.

શહેરનાં મહવનાં પ્રવેશ માર્ગો, બાયપાસ ચાર રસ્તા અને વાહન વ્યવહારથી સતત ધમધમતા વિસ્તારોમાં સીસીટીવી કેમેરા બંધ હોય અથવા ગાયબ થઈ ગયા હોય તો શહેરની સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પ્રશ્ન ઊભો થાય છે. ચોરી, અકસ્માત, વાહનચોરી કે અન્ય કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે ઘટનાની હકીકત જાણવા માટે સીસીટીવી ફૂટેજ જ ઉપલબ્ધ ન હોય તો જવાબદારી કોની રહેશે ?

શહેરનાં મહત્વનાં ચોક અને રસ્તાઓ પર સીસીટીવી કેમેરા બંધ હોવા તથા સરદાર ચોકમાંથી ચાર કેમેરા ગાયબ થવાનાં સમાચારથી સ્થાનિક લોકોમાં ચિંતા અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જાહેર સુરક્ષા માટે લગાવવામાં આવેલા કેમેરા જ કાર્યરત ન હોય તો નાગરિકોની સલામતીની જવાબદારી કોણ નિભાવશે તેવો સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી લગાવવામાં આવેલા ચાર સીસીટીવી કેમેરા આખરે કયાં ગયા ? કોણે ઉતાર્યા ? કઈ તારીખે ઉતારવામાં આવ્યા ? કેમેરા દૂર કરવાની કોઈ મંજૂરી લેવામાં આવી હતી કે કેમ ? ગ્રામ પંચાયત પાસે પણ તેની માહિતી ન હોય તો જાહેર સંપત્તિની જાળવણીની જવાબદારી કોની ? રાત્રિનાં સમયે હોમગાર્ડની હાજરી હોવા છતાં આ ઘટના કેવી રીતે બની ? આવા અનેક સવાલો અરજણભાઈ ધામત દ્વારા ઉઠાવવામાં આવ્યા છે.

સરદાર ચોકની આસપાસ કન્યા શાળાઓ આવેલી હોવાથી આ વિસ્તારની સુરક્ષા વિશેષ મહવ ધરાવે છે. શાળામાં આવતી–જતી વિદ્યાર્થીનીઓની સલામતી, વાહન વ્યવહાર પર નજર રાખવા તેમજ ચોરી, અકસ્માત અને અન્ય અનિચ્છનીય બનાવો સમયે જરૂરી પુરાવા મળી રહે તેવા હેતુથી સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. હવે આ કેમેરા જ ગાયબ થઈ જતાં જાહેર સુરક્ષાની વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ચેમ્બર ઓફ કોમર્સનાં માજી પ્રમુખ અરજણભાઈ ધામતે સરદાર ચોકમાંથી ગાયબ થયેલા ચારેય કેમેરા અંગે તાત્કાલિક તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે, કેમેરા કોણે અને કયારે ઉતાર્યા તેની વિગતો જાહેર કરવામાં આવે તથા સરદાર ચોક ખાતે ફરીથી સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવે તેવી જરૂરિયાત વ્યકત કરી છે. સાથે જ લીલીયાનાં સરદાર ચોક પૂરતું જ નહીં, પરંતુ બાયપાસ ચાર રસ્તા સહિત શહેરનાં તમામ મહત્વનાં ચોક, રસ્તાઓ અને જાહેર સ્થળોએ લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાની સ્થિતિની તપાસ કરવામાં આવે, બંધ કેમેરા તાત્કાલિક ચાલુ કરવામાં આવે અને જયાં કેમેરા ગાયબ છે ત્યાં નવા કેમેરા લગાવવામાં આવે તેવી પણ લોકમાંગ ઊઠી રહી છે. લીલીયામાં એક તરફ જાહેર સુરક્ષા માટે લગાવવામાં આવેલા કેમેરા ગાયબ થઈ રહ્યા છે તો બીજી તરફ મહત્વનાં રસ્તાઓ અને ચોકડી પરનાં કેમેરા બંધ હોવાની ચર્ચા છે. ત્યારે સવાલ એ છે કે જાહેર નાણાંમાંથી ઊભી કરવામાં આવેલી સીસીટીવી સુરક્ષા વ્યવસ્થાની જાળવણી કોણ કરશે ? લીલીયાનાં નાગરિકોને સુરક્ષાની ખાતરી કયારે મળશે ? હવે જવાબદાર તંત્ર આ ગંભીર બાબતે કયારે જાગશે તે જોવાનું રહ્યું.

સંતવાણીનાં આરાધક પરષોત્તમપુરી બાપુ રમઝટ બોલાવશે

બાબરાનાં કરીયાણા રોડ પર લીંબડીવાળી ખોડિયાર માતાજીનાં મંદિરે સંતવાણીનું આયોજન

ધર્મપ્રેમી જનતાને આયોજકોએ લાભ લેવા અનુરોધ કર્યો

બાબરા, તા. ૫

બાબરા શહેરનાં કરીયાણા રોડ ઉપર આવેલ લીંબડીવાળી ખોડિયાર માતાજીનાં પાવન ધામ ખાતે આગામી તા. ૬ નવેમ્બર, ૨૦૨૬નાં શુક્રવારનાં રોજ ભવ્ય સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

લીંબડીવાળી ખોડિયાર માતાજીનાં દિવ્ય સાનિધ્યમાં રાત્રિનાં ૯ કલાકે યોજાનારી આ સંતવાણીમાં સૌરાષ્ટ્રનાં જાણીતા સંતવાણીનાં આરાધક પરષોત્તમપુરી બાપુ પોતાની આગવી શૈલીમાં ભકિતરસથી તરબોળ સંતવાણીની પ્રસ્તુતિ કરી શ્રધ્ધાળુઓને ભકિતનાં રંગે રંગશે.

ધાર્મિક આસ્થા, ભકિત અને સંતવાણીનાં સંગમ સમાન આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી સંતવાણીનો લાભ લે અને માતાજીનાં આશીર્વાદ પ્રાપ્ત કરે તેવા હેતુથી મંદિરનાં મહંત ધ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

''શ્રી કૃષ્ણ શરણમ્'' અને ''શ્રી રામ શરણમ્''નાં મહામંત્ર સાથે

અમરેલીનાં આંગણે આગામી ૫ મી જાન્યુઆરીથી લોહાણા વાડી ખાતે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

શ્રીગુરૂજી જયરામદાસજી મહારાજ કથાનુ રસપાન કરાવશે



અમરેલી, તા. ૫

સંતો, શૂરાઓ અને અનેક મહાત્માઓની સાધનાથી પાવન થયેલી સોરઠ–સૌરાષ્ટ્રની આ ધરા પર જયારે સનાતન સંસ્કૃતિ અને ભક્તિના પ્રવાહ વહે છે, ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય અને સાત્વિક બની જાય છે. ગોંડલ સંપ્રદાય અને સૌરાષ્ટ્રના સમૃદ્ધ સંતસાહિત્ય તથા ઉદાત્ત પરંપરાની સાક્ષીએ, ધર્મનગરી અમરેલી ખાતે ભકિ અને શ્રદ્ધાના મહાસંગમ સમાન ભવ્ય 'શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે. 'શ્રી કૃષ્ણ શરણમ' અને 'શ્રી રામ શરણમ' ના મહામંત્રના ગુંજારવ સાથે આ ધાર્મિક મહોત્સવ યોજાઈ રહ્યો છે.

આવો ભરીએ એક પગલી રાજા રામના શરણમાં, નગરમાં જાતિ–જાતનો ભેદ નથી, સૌ જન સમાન કોઈ ખેલ નથી... આ સર્વ સમાવેશક અને ઉદાત્ત માનવતાવાદી ભાવનાઓને ચરિતાર્થ કરતા, શ્રી ગુરૂદેવ હરિચરણદાસજી મહારાજના પરમ આશીર્વાદ અને પ્રેરણાથી અમરેલી વાસીઓને આધ્યાત્મિક ભાથું પીરસવા માટે પધારેલા પ્રખર વક્તા, મર્મજ્ઞ અને લોક લાડીલા સંત પરમ પૂજય ગુરૂજી જયરામદાસજી મહારાજ પોતાની અદભુત આધ્યાત્મિક શક્તિ અને વિદ્વતાનો પરિચય આપી રહ્યા છે.

પરમ પૂજય ગુરૂજી જયરામદાસજી મહારાજ માત્ર કથાકાર જ નહીં, પરંતુ જીવમાત્રના કલ્યાણ અને સનાતન ધર્મના પ્રચાર–પ્રસાર માટે સતત સેવારત રહેનારા એક તેજસ્વી સંત છે. તેમની વાણીમાં અદભુત ઓજસ, કરૂણા અને સરળતા જોવા મળે છે. તેઓ પોતાની સુમધુર અને પ્રભાવશાળી વાણી દ્વારા શ્રોતાજનોના હૃદયમાં ભક્તિનો દીવો પ્રગટાવીને શ્રીમદ્ ભાગવત કથાનું અલૌકિક અમૃતપાન કરાવી રહ્યા છે.

આ દિવ્ય જ્ઞાનયજ્ઞ આગામી તા. ૫/૧/૨૦૨૭થી ૧૧/૧/૨૦૨૭સુધી માતુ શ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી, અમરેલી ખાતે યોજાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રની સંત પરંપરા મુજબ વિશ્વ મંગળ, લોક કલ્યાણ અને સકલ માનવજાતના આધ્યાત્મિક ઉત્કર્ષના શુભ આશય સાથે યોજાયેલા આ પ્રસંગે અમરેલીની ધરતી પર અદભુત ભક્તિમય માહોલ સર્જાયો છે, જયાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભક્તજનો ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી રહ્યા છે.

આ અલૌકિક અવસરનો લાભ લેવા અને સંતના મુખેથી કથા શ્રવણ કરી જીવનને ધન્ય બનાવવા સમસ્ત ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે. પોથી નોંધાવવા તેમજ વિશેષ માહિતી માટે જયકિશનદાસજી મહારાજ (અમરેલી) મો. ૯૯૧૩૪૬૭૯૯૫, જયદેવદાદા જોશી મો. ૭૦૧૬૬૪૫૭૯૫, શૈલેષભાઈ પોપટ મો. ૯૪૨૮૦૧૫૪૩૬, સંજય ભાઈ તેરૈયા (ગોંડલ રામજી મંદિર) મો. ૯૪૨૬૪૪૯૯૦૬ તથા હિતેશભાઈ બામટા મો. ૯૪૨૬૯૪૪૫૭૬ પર સંપર્ક સાધવો.

સાવરકુંડલાના માનવ મંદિર ખાતે મનોદિવ્યાંગ બહેનોનો રાસોત્સવ ઉત્સાહભેર ઉજવાયો






સાવરકુંડલા સ્થિત માનવ મંદિર આશ્રમ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ મનોદિવ્યાંગ બહેનો માટે એક વિશેષ અને પ્રેરણાદાયી રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હાથસણી રોડ પર આવેલા મનોદિવ્યાંગ બહેનોના આ નિ:શુલ્ક આશ્રયસ્થાન ખાતે યોજાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક સમારોહમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે માનવમંદિરના ભક્તિરામ બાપુએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નગરજનોને હાર્દિક આવકારીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ રંગારંગ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને જાણીતા વરિષ્ઠ પત્રકાર જગદીશભાઈ મહેતા સહિત શહેરના અનેક પ્રતિષ્ઠિત અગ્રણીઓએ ખાસ ઉપસ્થિતિ રહીને આ સુંદર આયોજનને નિહાળ્યું હતું અને સહભાગી બન્યા હતા. માનવ મંદિર આશ્રમ પરિવાર દ્વારા યોજાયેલા આ ઉત્સવમાં મનોદિવ્યાંગ બહેનો દ્વારા અદભુત ઉત્સાહ સાથે રાસ રજૂ કરવામાં આવ્યો હતો. તેમની આ કલા અને ખુશીને ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નગરજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. આ સુંદર આયોજનના માધ્યમથી મનોદિવ્યાંગ બહેનોના જીવનમાં ખુશીઓનો નવો માહોલ છવાઈ ગયો હતો.

રૂપિયા ૧૨૫ લાખનાં ખર્ચે તૈયાર થયેલા ૦૩ નવા ૧૧ કે.વી. ફીડરો શરૂ

વીજ માળખાનાં આધુનિકીકરણ માટે રૂા. ૧,૦૦૦ કરોડનું પેકેજ મંજૂર થશે

ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા જિલ્લાનાં વીજ માળખાને આધુનિક બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે

રાજ્યમંત્રીનાં હસ્તે બકેટ હાઈડ્રો લેડર વાહનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવાયુ

નવા ફીડરો કાર્યરત થવાથી હજારો વીજ ગ્રાહકોને અવિરત વીજ પુરવઠો મળશે

લોકાર્પણ સમારોહમાં પીજીવીસીએલનાં અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૫ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) શહેર પેટા વિભાગીય કચેરી–૨, અમરેલી દ્વારા ગ્રીન પાર્ક વિસ્તારમાં આયોજિત સમારોહમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે અમરેલી અનુસંધાન પાના ૬ ઉપર

સિટી પોલીસે બાતમીનાં આધારે ચેકિંગ કરતાં

અમરેલીનાં કેરિયા રોડ ઉપર ખુલ્લી જગ્યામાં જુગાર રમતાં ૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા

પોલીસે રૂપિયા ૧૨,૬૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૫ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.આર. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સિટી પોલીસ સ્ટેશનની અનુસંધાન પાના ૬ ઉપર

સિટી પીઆઈ આર.આર. પરમારનાં માર્ગદર્શન હેઠળ કાર્યવાહી

અમરેલીમાં જીવલેણ હુમલો કરવાનાં ગુન્હાનાં આરોપીની અટકાયત કરાઈ

આરોપીએ આધેડ ઉપર ૨૨ ઓક્ટોબરનાં રોજ હુમલો કરેલ

અમરેલી, તા. ૫ અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર આર.આર.પરમારનાં સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સિટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૦૯(૧), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)